# જૈન શિક્ષાવલી



સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

શ્રેણી પહેલી
૪

## સદ્ગુરુ સેવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્‌ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે ?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦. પોસ્ટેજ ૧–૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

નોંધ:–બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈન શિક્ષાવલી : પુષ્પ ચોથું

# સદ્ગુરુ-સેવા

★

લેખક :
સાહિત્યવારિધિ-શતાવધાની-પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ–૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકનું નિવેદન

**જૈન** મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલીની** યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગે વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

આ પુસ્તકો દીર્ઘ ચિંતન-મનનનાં પરિણામે સુંદર શૈલિમાં લખાયેલાં છે. એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્ય-રત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઇ નગીનદાસ (બેલગામવાળા), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ-મુંબઈના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યા છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

**પ્રકાશક.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમ


૧ ગુરુ વિના ધર્મ જાણી શકાતો નથી.
૨ શ્રેષ્ઠિપુત્ર કમલની વાર્તા
૩ ગુરુનું સ્થાન
૪ ગુરુએ આપેલું જ્ઞાન સાચું બાકી બધું કાચું
૫ સિદ્ધ નાગાર્જુનનો પ્રબંધ
૬ ગુરુના ગુણદોષ તપાસવાની જરૂર
૭ અસદ્‌ગુરુ કે અયોગ્ય ગુરુનાં લક્ષણો
૮ સદ્‌ગુરુનાં લક્ષણો
૯ વિનયની મહત્તા
૧૦ વિનયનું સામાન્ય સ્વરૂપ
૧૧ વંદનવિધિ
૧૨ તેત્રીશ આશાતના
૧૩ વૈયાવૃત્ત્ય
૧૪ બહુમાન
૧૫ અનિહ્‌નવતા
૧૬ ગૃહસ્થોનું કર્તવ્ય

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

# સદ્‌ગુરુ-સેવા

## ૧-ગુરુ વિના ધર્મ જાણી શકાતો નથી.

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે અને તેનાં યથાર્થ આરાધન વડે મુક્તિ, મોક્ષ કે પરમપદની પ્રાપ્તિ કરી શકાય છે, એ આપણે પૂર્વ નિબંધોમાં જોઈ ગયા છીએ, પરંતુ આ ધર્મ ગુરુની સહાય વિના જાણી શકાતો નથી. કહ્યું છે કે–

विना गुरुभ्यो गुणनीरधिभ्यो,
जानाति धर्मं न विचक्षणोऽपि ।
विना प्रदीपं शुभलोचनोऽपि,
निरीक्षते कुत्र पदार्थसार्थम् ? ॥

'મનુષ્ય ગમે તેવો વ્યવહારકુશલ કે વિચક્ષણ હોય તો પણ ગુણના સમુદ્રરૂપ ગુરુની સહાય વિના ધર્મને જાણી શકતો નથી. સુંદર આંખવાળો હોવા છતાં કોઈ મનુષ્ય દીવાની સહાય વિના પદાર્થસમૂહને કયાં જોઈ શકે છે?'

સંત કવિઓએ પણ ગુરુ સંબંધી આવો જ અભિપ્રાય ઉચ્ચાર્યો છે. તેઓ કહે છે:

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર.
જે ગુરુ વાણી વેગળા, રવડ્યા તે સંસાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ગુરુ એ સાચો દીવો છે કે જે જગતના બધા પદાર્થોને બતાવે છે. ગુરુ એ જ્યોતિર્મય દેવતા છે કે જે દિવ્યતાનું દાન કરી શકે છે. જો આ જગતમાં ગુરુ ન હોય તો સર્વત્ર ઘોર અંધકાર વ્યાપી રહે, અર્થાત્ કોઈને કોઈ પ્રકારનું જ્ઞાન થાય નહિ. જે મનુષ્યો ગુરુસમીપે જઈ તેમનો ઉપદેશ સાંભળતા નથી, તેઓ કંઈ પણ ધર્મ પામી શકતા નથી, એટલે તેઓ ચારગતિ અને ચોરાશી લાખ જીવયોનિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતા જ રહે છે.'

ગુરુ, ગમે તેવા મૂઢ, મિથ્યાભિમાની કે અપલક્ષણથી ભરેલા મનુષ્યની સાન ઠેકાણે લાવી દે છે અને તેને ધર્મનો માર્ગ બતાવી તેનું કલ્યાણ કરે છે. શ્રેષ્ઠિપુત્ર કમલની વાર્તા આ વસ્તુની વિશેષ પ્રતીતિ કરાવશે.

## ૨–શ્રેષ્ઠિપુત્ર કમલની વાર્તા.

નામ તેવા ગુણ બહુ થોડામાં હોય છે, પણ ધનપાળ શેઠ તો નામ તેવા ગુણવાળા જ હતા. તેમને ત્યાં પુષ્કળ ધન હતું અને તેઓ પાંચ જણમાં સારી રીતે પૂછાતા હતા. રાજદરબારે પણ તેમને સારી રીતે માન મળતું હતું.

તેમને સાત ખોટનો એક પુત્ર હતો, તેનું નામ કમલ. આ પુત્રને શિક્ષણ આપવા માટે ધનપાળ શેઠે ખાસ શિક્ષકો રોકયા હતા. તેઓ એને જૂદી જૂદી વિદ્યા તથા કલાઓનું શિક્ષણ આપતા હતા. કમલને તેમાં રસ આવતો હતો, પણ ધર્મની વાત આવે તો બિલકુલ ગમતી નહિ. એ વખતે તે બગાસા ખાવા માંડતો કે થોડાં ઝોકાં ખાઈને ઉઠી જતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધનપાળ શેઠ જાણતા હતા કે સર્વ કળામાં શિરોમણિ ધર્મકલા છે, એટલે તેનું જ્ઞાન આપવા તેઓ વિવિધ ઉપાય અજમાવતા, પણ તેમાંનો કોઈ ઉપાય સફળ થયો નહિ. પરિણામે કમલ ભણીગણીને હોશિયાર થયો, વ્યવહારમાં કુશળ નીવડ્યો, પણ ધાર્મિક જ્ઞાનથી વંચિત રહ્યો.

એક વાર નગરની પાસે આવેલાં રમણીય ઉદ્યાનમાં કોઈ સંત પુરુષ પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળ્યા પછી ધનપાળ શેઠે તેમને વિનંતિ કરી કે 'પૂજ્ય શ્રી! મારો પુત્ર વ્યવહારમાં કુશળ છે અને વ્યાપાર–વણજમાં હોશિયાર છે, પણ ધર્મથી બિલકુલ વિમુખ છે, માટે તેને ધર્મ પમાડવાની કૃપા કરો.' સંત પુરુષો આવા કામ માટે તૈયાર જ હોય છે, એટલે તેમણે વિનંતિનો સ્વીકાર કર્યો. પછી ધનપાળ શેઠે ઘરે આવીને પુત્રને કહ્યું કે 'આપણાં નગરનાં ઉદ્યાનમાં એક સંતપુરુષ પધાર્યા છે, તેમનાં દર્શન–સમાગમનો લાભ બધા લે છે, માટે તું પણ લઈ આવ.'

પિતાનું વચન શિરોધાર્ય કરીને કમલ એ સંત પુરુષ પાસે ગયો અને વંદન કરીને સામે બેઠો, પણ મોઢું નીચે રાખ્યું. સંત પુરુષે તેને ઉપદેશ દેવો શરુ કર્યો. તેમાં મનુષ્યભવની દુર્લભતા કહી, ધર્મનું મંગલમય સ્વરૂપ વર્ણવ્યું અને તેનાથી થનારા લાભો જણાવ્યા. પછી કમળને પૂછ્યું કે 'હે વત્સ! તેં આમાંથી શું જાણ્યું?' ત્યારે કમળે કહ્યું કે 'પેલી બોરડીનાં થડમાં એક મોટું દર છે, તેમાંથી એકસો આઠ મકોડા બહાર આવ્યા અને તેટલા જ પાછા ગયા. મેં એની ગણતરી બરાબર કરી છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સાંભળી સંત પુરુષ સમજી ગયા કે આ તો રાખમાં ઘી ઢોળાણું છે. પછી તેમણે એ હકીકત ધનપાળ શેઠને જણાવી અને ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા.

થોડા દિવસ થયા કે બીજા એક સંત પુરુષ તેજ ઉદ્યાનમાં પધાર્યા. ધનપાળ શેઠે તેમને પણ પોતાના પુત્રની હકીકત જણાવી ધર્મ પમાડવાની વિનંતિ કરી અને થોડા દિવસ પહેલાં જે બનાવ બન્યો હતો, તે કહી સંભળાવ્યો. સંત પુરુષોનાં હૃદય દયાથી ભરપૂર હોય છે, એટલે તેમણે ધનપાળ શેઠની વિનંતિનો સ્વીકાર કર્યો અને જણાવ્યું કે 'આ વખતે તમારો પુત્ર નીચું ન જોઈ રહેતાં અમારી સામું જ જોઈ રહે તેમ કહેજો.'

ધનપાળ શેઠે પુત્રને એ પ્રમાણે શિખામણ આપીને તેમની પાસે મોકલ્યો, એટલે તેણે સંત પુરુષને વંદન કરી તેમની સામે જ પોતાની બેઠક જમાવી અને તેમના સામું જોઈ રહ્યો. સંત પુરુષે તેને પ્રશ્ન કર્યો કે 'હે વત્સ! તું તત્ત્વની વાત જાણે છે ખરો?' ત્યારે કમળે કહ્યું કે 'હું ત્રણ તત્ત્વ જાણું છું. મનગમતું ખાવુંપીવું, લહેરથી હરવું-ફરવું અને નિરાંતે ઊંઘી જવું.'

સંત પુરુષે કહ્યું કે 'આ તો ગામડિયાની ભાષા થઈ. તું છોડવા યોગ્ય, જાણવા યોગ્ય અને આદરવા યોગ્ય તત્ત્વો જાણે છે?' કમલે કહ્યું કે 'એવા કોઈ તત્ત્વની મને ખબર નથી.' પછી સંત પુરુષે તેને હેય, જ્ઞેય અને ઉપાદેય તત્ત્વોનો બોધ કર્યો અને પૂછ્યું કે 'તું આમાંથી શું સમજ્યો?' કમલે કહ્યું કે 'હું બીજું તો કંઈ સમજ્યો નથી, પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ બોલતા હતા ત્યારે આપનાં ગળાનો હડિયો એકસો આઠ વાર ઊંચો–નીચો થયો હતો. 'આ સાંભળી એ સંત પુરુષ સમજી ગયા કે આતો આંધળાને દર્પણ બતાવવા જેવું થયું. પછી તેમણે એ હકીકત ખેદપૂર્વક ધનપાળ શેઠને જણાવી પોતાનો રસ્તો પકડચો.

જ્યાં મોટું નગર હોય ત્યાં સંતસાધુઓનો અવર-જવર ચાલુ રહે એ સ્વાભાવિક છે, એટલે થોડા દિવસ બાદ એ જ નગરનાં એ જ ઉદ્યાનમાં એક ધર્માચાર્ય પધાર્યા. તેમનું મુખમંડળ તેજસ્વી હતું, જ્ઞાન અગાધ હતું, સાથે શિષ્યપરિવાર પણ બહોળો હતો. નગરલોકોને તેમનાં આગમનની ખબર પડી એટલે તે ટોળે મળીને ઉદ્યાનમાં જવા લાગ્યા અને તેમનાં દર્શન કરી તથા તેમનો ઉપદેશ સાંભળી કૃતાર્થ થવા લાગ્યા. ધનપાળ શેઠને લાગ્યું કે આ ધર્માચાર્ય જરૂર મારા પુત્રને ધર્મ પમાડી શકશે, એટલે તેમણે ધર્માચાર્યને એ બાબતની વિનંતિ કરી અને પૂર્વના બંને બનાવો કહી સંભળાવ્યા.

ધર્માચાર્યે પૂછ્યું કે 'એની બુદ્ધિ લૌકિક વ્યવહારોમાં કેવી છે?' ત્યારે ધનપાળ શેઠે કહ્યું કે 'એમાં બરાબર છે. ખામી માત્ર ધર્મની બાબતમાં જ છે.' ધર્માચાર્યે કહ્યું કે 'તો એને ધર્મ પમાડી શકાશે, માટે અવસર જોઈને અમારી પાસે મોકલજો.'

ધનપાળ શેઠે ઘરે આવીને પુત્રને કહ્યું કે 'તેં આજ સુધી કેટલાક સાધુ–મહાત્માઓને જોયા, પણ આજે નગર બહાર જે સાધુ–મહાત્મા પધાર્યા છે, તે જુદી કોટિના છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે તું જઈને એમનાં દર્શન કરી આવ. એથી તારાં ચિત્તને જરૂર પ્રસન્નતા થશે.'

પિતાના આ શબ્દો સાંભળી કમળ તે ધર્માચાર્ય પાસે ગયો અને વંદન કરીને સામે બેઠો. તે વખતે ધર્માચાર્યે તેના હાથનાં કાંડા ભણી નજર નાખીને કહ્યું કે 'હે વત્સ! તારા મણિબંધ ઉપર મત્સ્યનાં મુખ સહિત મોટી રેખા પડેલી જણાય છે.' કમળે પૂછયું કે 'એનું ફળ શું?' ધર્માચાર્યે કહ્યું કે 'મત્સ્યરેખાથી ઘણું ધન પ્રાપ્ત થાય છે. વળી તારા હાથની રેખાથી જણાય છે કે તારો જન્મ શુક્લ પક્ષમાં થયેલો હોવો જોઈએ.' આ વાત બરાબર હતી, એટલે કમલ આશ્ચર્ય પામ્યો. આજે ધર્માચાર્યે એને વિશેષ કંઈ કહ્યું નહિ, પણ એટલી સૂચના આપી કે 'અહીં આવતા રહેજો.'

બીજા દિવસે કમળ પોતાની જન્મપત્રિકા લઈને ધર્માચાર્ય આગળ ગયો અને વંદના કરી તે પત્રિકા તેમની આગળ ધરી. ધર્માચાર્યે આ પત્રિકા જોઈને કહ્યું કે 'હે વત્સ! તારાં લગ્ન અમુક વર્ષમાં અમુક માસે અમુક તિથિએ થયેલાં હોવા જોઈએ. વળી એ લગ્ન થયા પછી થોડા જ વખતે તને એક મોટી બિમારી આવેલી હોવી જોઈએ.' કમળે કહ્યું કે, 'હકીકત આપ કહો છો તેમજ છે.' આ પ્રસંગથી કમળનાં હૃદયમાં કંઈક શ્રદ્ધા બેઠી અને તે ધર્માચાર્ય આગળ રોજ જવા લાગ્યો.

બે ત્રણ દિવસ બાદ ધર્માચાર્યે કહ્યું કે 'હે વત્સ!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારી બુદ્ધિ ખૂબ તીક્ષ્ણ છે, માટે તને એક વરત પૂછું તેનો જવાબ આપ. પછી તેને નીચેનું વરત પૂછ્યું:

ડાળે બેઠી સૂડલી, પણ નહિ એને પાંખ;
ચરવા તો યે નીસરે, જોયું આંખો આંખ.
દેહવરણ કાળો નહિ, તો પણ કાળી ચાંચ;
ચાંચે ઈંડાં મેલતી, પળ મહીં બે પાંચ.
તે ઇંડાં ચાંપે ઘણું, તોયે ન ફૂટે એક;
વદ તું વત્સ વિચારીને, ધરી હૈયે વિવેક.

'સૂડલી છતાં પાંખ નથી, પાંખ નથી છતાં ફરવા નીકળે છે, ચાંચે ઇંડાં મૂકે છે અને તે પણ પળમાં બે પાંચ. વળી એ ઈંડાં ચંપાવા છતાં ફૂટતાં નથી. આવું તે શું હોય?' બહુ વિચાર કરવા છતાં જ્યારે જવાબ ન જડચો, ત્યારે ધર્માચાર્યે કહ્યું કે 'એનો ઉત્તર કલમ છે.'

એ ઉત્તર કમલનાં મનમાં બરાબર બેસી ગયો. પછી ધર્માચાર્યે કહ્યું કે 'હે વત્સ! આ કલમથી ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્ર એમ ચાર પ્રકારનાં શાસ્ત્રો લખાય છે.'

કમલે પૂછ્યું કે 'એ શાસ્ત્રોમાં શું આવે છે?' ત્યારે ધર્માચાર્યે કહ્યું કે 'મનુષ્યે સુખી થવા માટે પોતાના આચારવિચારો કેવા રાખવા? તેનું વર્ણન ધર્મશાસ્ત્રોમાં આવે છે. મનુષ્યે પૈસો પેદા કેમ કરવો? તેનું વર્ણન અર્થશાસ્ત્રમાં આવે છે. મનુષ્યે કામ સુખ કેમ ભોગવવું? તેનું વર્ણન કામશાસ્ત્રમાં આવે છે અને મનુષ્યે આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈ પરમાનંદની પ્રાપ્તિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેમ કરવી ? તેનું વર્ણન મોક્ષશાસ્ત્રમાં આવે છે. આ સંબંધી તારે વિશેષ જાણવું હોય તો કાલે કહીશું.'

કમલને હવે ધર્માચાર્ય પર શ્રદ્ધા બેઠી હતી અને તેમની વાતોમાં રસ પડવા લાગ્યો હતો, એટલે તે બીજા દિવસે તેમની સેવામાં હાજર થયો. તે વખતે ધર્માચાર્યે કહ્યું કે 'હે કમલ ! તું વ્યવહારમાં એક્કો છે ને ગણિત બહુ સારું જાણે છે, તો તને એક સવાલ પૂછું કે 'એક-માંથી એક જાય તો બાકી શું રહે ?' કમલે કહ્યું કે 'કંઈ ન રહે.' ત્યારે ધર્માચાર્યે કહ્યું કે 'બરાબર વિચારીને જવાબ આપ.' એટલે કમલે કહ્યું કે 'એકમાંથી એક જાય તો શૂન્ય રહે.'

ધર્માચાર્યે કહ્યું કે 'આ જવાબ બરાબર છે. હવે એ જવાબ આમ કે એકડાની કિંમત શું અને શૂન્યની કિંમત શું ?' કમલે કહ્યું કે 'એકડાની કિંમત એક અને શૂન્યની કિંમત કંઈ નહિ.'

ધર્માચાર્યે કહ્યું કે 'જો શૂન્યની કિંમત કંઈ ન હોય તો એને એકડાની આગળ લખ્યે જા અને પરિણામ શું આવે છે તે જો.'

કમલે કહ્યું કે 'એમ તો દરેક શૂન્ય એકડાની કિંમ-તમાં દશગણો વધારો કરે છે.'

ધર્માચાર્યે કહ્યું કે 'તો એની કિંમત શું ગણાય ?'

કમલે કહ્યું કે 'જો તે એકડાની સાથે હોય તો ઘણી કિંમત અને એકડા વિના હોય તો કંઈ કિંમત નહિ.'

ધર્માચાર્યે કહ્યું કે 'આ જવાબ સાચો છે. જો શૂન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકલું હોય તો એની કિંમત કંઈ નથી, તે એકડા સાથે હોય તો જ તેની કિંમત છે. આ જ વસ્તુ આપણાં જીવન પરત્વે સમજવાની છે. આપણું જીવન શૂન્ય જેવું છે, તેમાં ધર્મરૂપી એકડો ન મળે તો એની કિંમત કંઈ નથી.'

આ શબ્દો કમલનાં હૃદય સોંસરા ઉતરી ગયા, એટલે તેણે કહ્યું કે 'હે ગુરુદેવ! હું એ એકડા વિનાનો છું. હવે મને કૃપા કરીને એ એકડો ઘુંટતા શીખવો, જેથી મારું જીવન સફળ થાય.' પછી ગુરુએ તેને ધર્મની મૌલિક બાબતો સમજાવી અને થોડા વ્રત-નિયમો ધારણ કરવા જણાવ્યું. કમલે એ વ્રત-નિયમો ખૂબ હોંશથી ધારણ કર્યાં અને ધીમે ધીમે તેમાં વધારો કરી પોતાનું સમસ્ત જીવન ધર્મપરાયણ બનાવ્યું.

તાત્પર્ય કે ગુરુ ગમે તેવા મૂઢ, મિથ્યાભિમાની અને અપલક્ષણથી ભરેલા મનુષ્યને પણ ધર્મ પમાડી શકે છે અને એ રીતે તેનું કલ્યાણ કરી શકે છે.

## ૩-ગુરુનું સ્થાન

તીર્થંકરોએ, તથાગતોએ તથા ઋષિ-મહર્ષિઓએ જે મહાન સત્યો ઉચ્ચાર્યાં છે, તે આપણા સુધી ગુરુઓ દ્વારા પહોંચ્યા છે અને ભવિષ્યની પ્રજાને પણ ગુરુઓ દ્વારા જ પહોંચશે. વળી ધાર્મિક ક્રિયાઓ, અનુષ્ઠાનો કે સાધનાઓનો પ્રત્યક્ષ પાઠ પણ તેઓ જ આપી શકે છે અને ક્રિયાકારક, અનુષ્ઠાતા કે સાધકનાં દિલમાં જે શંકાઓ કે સંશયો ઉત્પન્ન થાય છે, તેનું યોગ્ય સમાધાન પણ તેઓજ કરી શકે છે, એટલે તેમનું સ્થાન ઘણું જ માનભર્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો કોઈ આપણને નાનકડું દાન કરે તો તેના ઉપકારનો બદલો વળી શકતો નથી, તો જે ગુરુ આપણને ધર્મનું સમસ્ત રહસ્ય આપી દે, તત્ત્વજ્ઞાનની મૂળ ચાવી સોંપી દે, તેનો ઉપકાર કેટલો માનવો? તાત્પર્ય કે તેમના ઉપકારનો બદલો આ જગતમાં વળી શકે તેમ નથી.

પ્રશ્ન—જો ગુરુનો ઉપકાર આપણા પર આટલો મોટો છે, તો તેમનું સ્થાન દેવ કરતાં પણ પહેલું ન હોવું જોઇએ? કેટલાકે દેવ કરતાં ગુરુને પહેલું સ્થાન આપ્યું જ છે. જેમકે—

ગુરુ ગોવિંદ દોનું ખડે, કિસકો લાગું પાય;
બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો બતલાય.

'મારી સામે ગુરુ અને ગોવિંદ (ઇશ્વર કે દેવ) બંને ઊભા છે. તેમાં હું કોને પગે લાગું? હું આવો વિચાર કરું છું, ત્યાં ગુરુએ ઇશારાથી ગોવિંદને બતલાવી દીધા, તેથી હું ગુરુદેવની જ બલિહારી ગણું છું અને તેમને જ પહેલો નમસ્કાર કરું છું.

ઉત્તર—આ સંબંધમાં જૈન ધર્મનું દૃષ્ટિબિંદુ એવું છે કે સમયે સમયે થતા તીર્થંકરો યાને અર્હદ્દેવો ધર્મ-તીર્થની સ્થાપના કરે છે અને તેના દ્વારા જગત્‌ના મનુષ્યોને સંસારસાગર તરી જવાનું એક મહાસાધન પ્રાપ્ત થાય છે, એટલે તીર્થંકરો કે અર્હદ્દેવોનો ઉપકાર આપણા પર ઘણો જ મોટો છે. વળી ગુરુઓ આપણને ધર્મનો જે ઉપદેશ આપે છે, તે ઉપર જણાવેલાં ધર્મ-તીર્થને આધારે જ આપે છે, એટલે તીર્થંકર અર્હદ્દેવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ પરમગુરુ છે, તેથી પ્રથમ દેવ અને પછી ગુરુ એ ક્રમ સુવિહિત છે.

પ્રશ્ન—ગુરુનો મહા ઉપકાર જોતાં તેમને જ દેવ માનવામાં આવે તો કેમ ? કેટલાકે એ પ્રમાણે માનેલું છે. જેમકે—

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परंब्रह्म, तस्मै श्रीगुरवे नमः ॥

'ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર દેવ છે અને ગુરુ જ સાક્ષાત્ પરંબ્રહ્મ છે. તે શ્રીગુરુને મારા નમસ્કાર હો.'

ઉત્તર—ગૃહસ્થો કરતાં ગુરુનું સ્થાન ઘણું ઊંચું છે, તેથી તેમને દેવ એટલે પૂજ્ય કહેવામાં આવે તે યોગ્ય જ જ છે. સામાન્ય રીતે ગુરુઓને ગુરુદેવ કહીને જ સંબોધવામાં આવે છે, પરંતુ શ્રી અરિહંતદેવના વિશિષ્ટ અતિશયો વગેરેને ધ્યાનમાં લેતાં ગુરુને દેવ એટલે ઇશ્વર માની શકાય નહિ.

પ્રશ્ન—શ્રી અરિહંત દેવના વિશિષ્ટ અતિશયો કયા છે ?

ઉત્તર—શ્રી અરિહંત દેવના વિશિષ્ટ અતિશયો ૩૪ હોય છે. તે આ પ્રમાણે :

(૧) લોકોત્તર અદ્ભુત સ્વરૂપવાન દેહ, (૨) સુગંધિત શ્વાસોચ્છ્વાસ, (૩) માંસ અને રુધિરની દૂધની માફક શ્વેતતા તથા (૪) આહાર અને નિહાર (મલ વિસર્જન) નું ચર્મચક્ષુઓવાળા માટે અદૃશ્યપણું. એટલે સામાન્ય મનુષ્યો તેમને આહાર કરતાં કે મલવિસર્જન કરતાં જોઈ શકતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ચાર અતિશયો જન્મની સાથે જ ઉત્પન્ન થાય છે.

(૫) સમવસરણની રચના, (૬) અર્થગંભીર વાણી, (૭) ભાષાની સર્વદેશીયતા, (૮) આસપાસના વિસ્તારમાંથી જ્વરાદિ રોગોનો નાશ, (૯) પરસ્પર વૈરની શાંતિ, (૧૦) પાકનો નાશ કરનારી તીડ વગેરે ઇતિઓનો અભાવ, (૧૧) ઉપદ્રવોનો વિરમ, (૧૨) અતિવૃષ્ટિનો અભાવ, (૧૪) દુષ્કાળનો અભાવ અને (૧૪) સ્વચક્રભય (પોતાના લશ્કર તરફથી બળવા વગેરેનો ભય) તથા (૧૫) પરચક્રભય (શત્રુ સૈન્યના ભય) નો અસંભવ.

આ અગિયાર અતિશયો જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયને લીધે ઉત્પન્ન થાય છે.

(૧૬) ધર્મચક્રનું ફરવું, (૧૭) ચામરનું વીંઝાવું, (૧૮) પાદપીઠ સહિત સિંહાસનનું ચાલવું, (૧૯) ત્રણ છત્રોનું ધારણ કરવું, (૨૦) રત્નમય ધર્મ ધ્વજનું આગળ ચાલવું, (૨૧) સ્વર્ણકમલની રચના થવી, (૨૨) સમવસરણ યાને દેશનાભૂમિની આસપાસ ત્રણ પ્રકારના ગઢો રચાવા, (૨૩) ઉપદેશ સમયે જુદી જુદી ચાર દિશામાં પ્રભુનાં ચાર મુખો દેખાવાં, (૨૪) શ્રી અરિહંત દેવ વિરાજતા હોય ત્યાં અશોકવૃક્ષની રચના થવી, (૨૫) માર્ગમાં રહેલા કંટકોનું અધોમુખ થવું, (૨૫) વૃક્ષોએ ડાળીઓ ઝુકાવીને નમન કરવું, (૨૭) દેવદુંદુભિનું વાગવું, (૨૮) સંવર્તક જાતિના પવનનું વહેવું, (૨૯) પક્ષીઓ વડે પ્રદક્ષિણા થવી, (૩૦) ગંધકની વૃષ્ટિ થવી, (૩૧) પંચરંગી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થવી, (૩૨) શ્રી અરિહંત દેવનાં મસ્તકના કેશ, દાઢી, મૂછ તથા હાથપગના નખોની વૃદ્ધિ ન થવી, (૩૩) અનેક દેવોનું સમીપ રહેવું અને (૩૪) ઋતુઓ અનુકૂલ એટલે મનોહર પણ બનવી.

આ ઓગણીસ અતિશયો દેવતાકૃત હોય છે.

પ્રશ્ન—શું આ બધી વસ્તુઓ શક્ય છે?

ઉત્તર—આમાં અમને અશક્ય જેવું કંઈ જ લાગતું નથી. શાસ્ત્રકારોએ જ્યારે એની ખાસ નોંધ લીધી છે, ત્યારે તેને સત્ય જ માનવી જોઈએ. તેમાંની કોઈ વાત આપણી ટૂંકી બુદ્ધિમાં ન ઉતરે તો તે પર વિશેષ વિચાર કરવો જોઇએ અને જગત્માં જે અનેક રહસ્યપૂર્ણ ઘટનાઓ બની રહી છે, તેનો પણ અભ્યાસ કરવો જોઇએ. આજે પણ આ દેશમાં એવા મહાત્માઓ જોવામાં આવે છે કે તેઓ જ્યાં બેઠા-ઉઠયા હોય ત્યાં અમુક સમયે કુમકુમનાં છાંટણા પડે છે, સુગંધ પ્રકટે છે, ફૂલ ખરે છે વગેરે. વળી તેમની હાજરીમાં અનેકવિધ ચમત્કારો થાય છે, તો જેઓ સમસ્ત યોગવિભૂતિથી વિભૂષિત હોય તેમને માટે આવા અતિશયો સહજ છે.

પ્રશ્ન—તો પછી ગુરુને જૈન ધર્મમાં કેવું માનભર્યું સ્થાન આપવામાં આવ્યું છે?

ઉત્તર—જૈન ધર્મમાં ગુરુને પરમેષ્ઠિપદે બેસાડવામાં આવ્યા છે. પંચપરમેષ્ઠીમાં ત્રીજું, ચોથું અને પાંચમું સ્થાન તેમનું છે.

પ્રશ્ન—પરમેષ્ઠિપદ અને પરમેશ્વરપદ એક જ નથી?



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તર—ના, જૈન ધર્મમાં પરમેષ્ઠિપદને માત્ર એક પદ માનવામાં આવ્યું નથી. જેઓ સંસારનો ત્યાગ કરીને મોક્ષ સાધનાનો સ્વીકાર કરે છે, એ તમામને જૈન ધર્મ પરમ પદે રહેલા માને છે અને તેમને પરમેષ્ઠિ તરીકે સંબોધે છે, જ્યારે પરમેશ્વર તો અરિહંત ભગવાનને જ માનેલા છે. પરમેશ્વર એટલે પરમ ઐશ્વર્યવાન્ એવો અર્થ કરીએ તો વિશિષ્ટ અતિશયો એ અરિહંત દેવનું પરમ ઐશ્વર્ય છે. નીચેના શબ્દો પર વિચાર કરવાથી આ વાતની વધારે પ્રતીતિ થશે.

પરમ પંચપરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિનભાણ.

પ્રશ્ન—પંચપરમેષ્ઠિમાં ગુરુવર્ગને એક સ્થાન ન આપતાં ત્રણ સ્થાનો કેમ આપ્યાં છે?

ઉત્તર—અધિકારભેદથી ગુરુઓ ત્રણ પ્રકારના હોય છે, એટલે પંચપરમેષ્ઠીમાં ગુરુવર્ગને ત્રણ ભાગમાં વિભક્ત કરી ત્રણ સ્થાન આપવામાં આવ્યા છે. અન્યોએ પણ આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય ગુરુ એવા ત્રણ ભાગનો સ્વીકાર કરેલો છે, એટલે ગુરુને અપાયેલાં ત્રણ સ્થાનો તદ્દન વ્યાજબી છે.

પ્રશ્ન—ગુરુ એક હોઈ શકે કે અનેક?

ઉત્તર—જે આપણને ધર્મનો કોઈ પણ બોધ આપે, ધર્મનું કંઈ પણ આચરણ શીખવે તેને આપણે ગુરુ માનવા ઘટે. આ રીતે ગુરુ એક પણ હોઈ શકે અને અનેક પણ હોઇ શકે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રશ્ન—કેટલાક લોકો એમ કહે છે કે ગુરુ તો એક જ કરવા જોઈએ, તેનું કેમ ?

ઉત્તર—જેઓ એમ કહે છે, તેઓ પોતાનાં શાસ્ત્રોને બરાબર જાણતા નથી. ગુરુ દત્તાત્રેયે પોતાનાં જીવનમાં પચીશ ગુરુઓની ધારણા કરી હતી, તે આ પ્રમાણેઃ (૧) પૃથ્વીએ સહનશીલતાનો બોધ આપ્યો, માટે તે પ્રથમ ગુરુ. (૨) પાણીએ સ્વચ્છતા અને મધુરતાનો બોધપાઠ આપ્યો, માટે તે બીજો ગુરુ. (૩) અગ્નિએ જે ભોજન મળે તે સ્વીકારી લેવાનું શીખવ્યું, માટે તે ત્રીજો ગુરુ. (૪) વાયુએ સારા-નરસાની પરવા ન કરતાં સમભાવે રહેતાં શીખવ્યું, માટે તે ચોથો ગુરુ. (વાયુ વનમાં હોય ત્યારે ખુશ થતો નથી અને અગ્નિમાં હોય ત્યારે દુઃખી થતો નથી.) (૫) આકાશે નિઃસંગ રહેતાં શીખવ્યું, માટે તે પાંચમો ગુરુ. (૬) બાહ્ય સ્થિતિમાં ફેરફાર થવા છતાં મૂળ વસ્તુ મટતી નથી, એ શિક્ષા આપવા માટે ચંદ્રમા છઠ્ઠો ગુરુ. (૭) એક વસ્તુ અનેક વસ્તુમાં પ્રતિબિંબિત થઈ શકે છે, એ શિક્ષા આપવા માટે સૂર્ય સાતમો ગુરુ. (૮) જાળમાં સપડાઈ રહેલા હોલાએ સંસારનું સાચું સ્વરૂપ સમજાવ્યું, માટે તે આઠમો ગુરુ. (૯) અજગરે બેફીકરાઈ અને મસ્તાનપણાનો બોધ આપ્યો, માટે તે નવમો ગુરુ. (૧૦) સુખમાં છલકાવું નહિ અને દુઃખમાં ગભરાવું નહિ, એ બોધ સમુદ્રે આપ્યો માટે તે દશમો ગુરુ. (૧૧) બહારના રૂપરંગથી અંજાઈ ન જવું, એ બોધ આપવા માટે પતંગ (પતંગિયું) અગિયારમો ગુરુ. (૧૨) સંગ્રહ કરવો બૂરો

છે, એ શીખવવા માટે મધમાખી બારમો ગુરુ. (૧૩) લાલચમાં લપટાનારા આખરે ઊંડા ખાડામાં પડે છે એ શીખવવા માટે હાથી તેરમો ગુરુ. (હાથીને પકડનારાઓ એક મોટો ખાડો ખોદે છે અને તેના પર વાંસ વગેરે મૂકી તેને ઢાંકી દે છે. પછી તેના એક છેડે બનાવટી હાથણીને ઊભી રાખે છે. તેનો સ્પર્શ કરવાની લાલચમાં હાથી દોડે છે અને પેલા ખાડામાં પટકાઈ પડે છે.) (૧૪) મધમાખીએ સંચેલું મધ તે પોતે વાપરે તે પહેલાં પારધિ તેનું હરણ કરે છે, તેવી રીતે ગૃહસ્થોએ સંકટ વેઠીને રાંધેલું અન્ન પોતે ખાય તે પહેલાં સંન્યાસી જમી લે છે. અર્થાત્ સંન્યાસી અને બ્રહ્મચારીને તૈયાર ભોજન મળે છે, એવો બોધ આપવા માટે પારધિ ચૌદમો ગુરુ. (૧૫) ગાનતાનમાં આસક્ત થનારનાં ભૂંડા હાલ થાય છે, એ શીખવવા માટે હરણ પંદરમો ગુરુ. (૧૬) જીભને વશ ન રાખવાથી પ્રાણ સંકટ ઊભું થાય છે, એ શીખવવા માટે માછલું સોળમો ગુરુ. (૧૭) લાંબો વખત આશામાં રહીને છેવટે નિરાશ બનેલી સ્ત્રીએ તેમને ઉદાસીનતાનો બોધપાઠ આપ્યો માટે તે સત્તરમો ગુરુ. (તે સ્ત્રીની ઉદાસીનતામાં શાંતિ હતી અને શાંતિમાં તેને ઇશ્વરસ્મરણ સૂઝયું હતું, એટલે ઉદાસીનતાનું રૂપ પ્રકટ જણાયું હતું.) (૧૮) ટીંટોડાએ ચાંચમાં માંસનો ટૂકડો પકડયો હતો, એટલે બીજા બે પક્ષીઓ તેના પર હલ્લો કરવા લાગ્યા. એ ટૂકડાને છોડી દીધો ત્યારે તેણે નિરાંતનો દમ ખેંચ્યો. આ રીતે પરિગ્રહ છોડે તે સુખી થાય, એવો બોધ આપવા માટે ટીંટોડો એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અઢારમો ગુરુ. (૧૯) માન–અપમાનની ખેવના ન કરવાનું શીખવવા માટે બાળક એ ઓગણીસમો ગુરુ. (૨૦) ઘરના બધા માણસો બહાર ગામ ગયા હતા. માત્ર કુંવારી કન્યા ઘેર હતી. એવામાં શ્વશૂર પક્ષનો કોઈ સગો આવ્યો, એટલે તેનો સત્કાર કરી સારાં ભોજન જમાડવા માટે ઓરડામાં શાળ ખાંડવા બેઠી, ત્યાં હાથની ચૂડીઓ ખણખણવા લાગી. આથી તેણે વિચાર કર્યો કે ચૂડીઓના અવાજ પરથી આ મહેમાન જાણી જશે કે હું અત્યારે જ શાળ ખાંડવા બેઠી છું અને તેથી મારા માતાપિતાને દારિદ્રી ધારશે, એટલે માત્ર બબ્બે ચૂડીઓ રાખી બીજી ચૂડીઓ ઉતારી નાખી. છતાં થોડો ખડખડાટ ચાલુ રહ્યો, એટલે માત્ર એક એક ચૂડી જ રહેવા દીધી. આ પરથી બોધ મળ્યો કે 'સાધુ પુરુષે એકલા રહેવું સારું' માટે એ કન્યા વીસમો ગુરુ. (૨૧) બાણ ઘડનારે તલ્લીનતાનો બોધ પાઠ આપ્યો, માટે તે એકવીશમો ગુરુ. (રાજશાહી વરઘોડો નીકળ્યો, છતાં બાણ ઘડનારો ઉઠયો નહિ, તે એનાં કામમાં મશગુલ રહ્યો.) (૨૨) એકાંતમાં વસવું, થોડું બોલવું અને બીજાને પોતાનો સ્વભાવ જાણવા દેવો નહિ એ શિક્ષા આપવા માટે સર્પ એ બાવીશમો ગુરુ. (બહારના દેખાવ પરથી સર્પ ઝેરી કે ઝેર વિનાનો જણાતો નથી.) (૨૩) પોતે રચેલી જાળમાં ફસાવું નહિ એ બોધપાઠ આપવા માટે કરોળિયો એ તેવીશમો ગુરુ. (૨૪) ભમરી કીડાને પકડી પોતાનાં દરમાં લઈ જાય છે. ત્યાં કીડાને હરપળે ભમરીની બીક લાગે છે, તેથી તે મનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભમરીનું જ સ્મરણ કરતો રહે છે. પરિણામે તે પોતે ભમરી બની જાય છે. તો ભગવાનનું સ્મરણ કરનાર પોતે ભગવાન કેમ ન બને ?' આવો બોધ આપવા માટે ભમરી એ ચોવીશમો ગુરુ. (૨૫) દેહ જન્મે છે અને મરે છે, એ જોઈ તેમને વૈરાગ્ય આવ્યો માટે દેહ એ પચીશમો ગુરુ.'

અહીં એટલી સ્પષ્ટતા કરવી જોઈએ કે આ જવાબ વિદ્યાદાતા ગુરુ અંગે સમજવાનો છે. બાકી દીક્ષાગુરુ એક જ હોઇ શકે અને જૈન ધર્મમાં પણ દીક્ષાગુરુ તરીકે એકનો જ સ્વીકાર કરવામાં આવે છે.

## ૪–ગુરુએ આપેલું જ્ઞાન સાચું બાકી બધું કાચું.

જે જ્ઞાન ગુરુએ આપેલું હોય તે જ સાચું કે પરિપકવ ગણાય છે અને આપમેળે અહીં તહીંથી તફડાવેલું જ્ઞાન કાચું કે અધૂરું ગણાય છે. તે માટે અનુભવીઓએ કહ્યું છે કે ' જાર પુરુષથી ઉત્પન્ન થયેલો પુત્ર જેમ શોભાને ધારણ કરતો નથી, તેમ અહીંતહીંથી આપમેળે પ્રાપ્ત કરેલું જ્ઞાન શોભાને ધારણ કરતું નથી. '

કોઇ માણસ વૈદકનાં પુસ્તકો વાંચીને જ વૈદ્ય–ડૉકટરનો ધંધો કરવા માંડે તો એ કરી શકે ખરો ? એનું જ્ઞાન પ્રામાણિક ગણાય ખરું ? અથવા કોઈ માણસ સંગીતનાં પુસ્તકો વાંચીને સંગીતશાસ્ત્રી થવા ઇચ્છે તો થઈ શકે ખરો ? અથવા કોઈ માણસ યોગશાસ્ત્રનાં પુસ્તકો વાંચીને યોગસાધના કરવા માંડે તો એ સફળ થાય ખરી ? સાચી હકીકત એ છે કે ગુરુ વિના સાચું કે પ્રામાણિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાન મળી શકતું નથી. જે જ્ઞાન ગુરુ વિના મેળવેલું હોય છે, તેમાં અનેક જાતની ખામીઓ રહી જાય છે.

આ વસ્તુની પાઠકોની ખાતરી થાય, તે માટે અહીં સિદ્ધ નાગાર્જુનનો પ્રબંધ રજૂ કરવામાં આવે છે.

## ૫-સિદ્ધ નાગાર્જુનનો પ્રબંધ

સૌરાષ્ટ્ર દેશમાં ઢંકપુર (ટંકાપુરી) નામનું ગામ હતું. તેમાં યુદ્ધકુશળ સંગ્રામ નામે એક ક્ષત્રિય વસતો હતો. તેને સુવ્રતા નામે પત્ની હતી. તેણે સહસ્રફણા શેષ-નાગનાં સ્વપ્નથી સૂચિત થયેલા એક પુત્રને જન્મ આપ્યો, તેથી તેનું નામ નાગાર્જુન પાડવામાં આવ્યું. તે ત્રણ વરસનો થયો, ત્યારે બાળકો સાથે રમત કરતાં એક બાળ-સિંહને વિદારી તેમાંથી કંઈક ભક્ષણ કરતો પોતાને ઘેર આવ્યો. ત્યારે પિતાએ કહ્યું કે 'હે વત્સ! આપણાં ક્ષત્રિયકુળમાં નખવાળા પ્રાણીનું ભક્ષણ કરવાની મનાઈ છે.' એવામાં ત્યાં એક સિદ્ધ પુરુષ આવ્યા. તેમણે કહ્યું કે 'હે નરોત્તમ! તું આ પુત્રનાં કામથી ખેદ ન પામ. તે જેનું રહસ્ય પામવું અશક્ય છે, એવા સૂત્ર–રહસ્યનો જ્ઞાતા થશે.'

પછી તેજ વડે સૂર્ય સમાન, ઉદ્યમી અને સાવધાન એવો નાગાર્જુન બાલ્યવયમાં જ અદ્‌ભુત કળાવાળા પુરુષોની સોબત કરવા લાગ્યો અને જરા મોટો થયો કે પર્વતો અને જંગલમાં જઈને વનસ્પતિઓને ઓળખવા લાગ્યો. એમ કરતાં તે વનસ્પતિઓનો ભારે રહસ્યજ્ઞાતા થયો અને રસસિદ્ધિ કરનાર ઔષધિઓનો સંગ્રહ કરવા લાગ્યો. અનુક્રમે હરતાલનું સત્ત્વ, ગંધકનું ચૂર્ણ, અભ્રકનો દ્રવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા પારાનું જારણ-મારણ કરવામાં તે અસાધારણ નીવ-ડયો અને સહસ્રપુટ, લક્ષપુટ તથા કોટિપુટ રસાયણ બના-વવામાં નિપુણ થયો.

હવે એક વાર વિવિધ તીર્થોની યાત્રા કરતાં જિન-શાસનના શણગારરૂપ શ્રીપાદલિપ્તાચાર્ય તેનાં નગરમાં પધાર્યા. સિદ્ધ નાગાર્જુને તેમની ખ્યાતિ સાંભળી હતી અને એ પણ જાણ્યું હતું કે તેઓ કેટલીક ઔષધિઓનો પગ પર લેપ કરીને તેનાં બળથી આકાશમાર્ગે ગમન કરી શકે છે. આવા સમર્થ સિદ્ધ પુરુષનું પોતાનાં નગરમાં આગમન થયેલું જાણીને તે અત્યંત રાજી થયો અને તેમની પાસેથી કોઈ પણ પ્રકારે આકાશગામિની શક્તિનો લેપ મેળવી લેવાના નિર્ણય પર આવ્યો. પછી તેણે એક ઉત્તમ પાત્રમાં સિદ્ધરસ ભરીને પોતાના એક શિષ્યને તેમની આગળ મોકલ્યો.

આ શિષ્યે તે પાત્ર શ્રીપાદલિપ્તાચાર્યની આગળ ધર્યું, એટલે તેઓ બોલ્યા કે 'મને આપવા માટે આ સિદ્ધરસ મોકલ્યો છે? અહો! તેનો મારા પ્રત્યે કેટલો બધો સ્નેહ!' પછી તેમણે જરા હસીને એ પાત્ર હાથમાં લીધું અને તેને સામી ભીંતે અફાળ્યું, એટલે તેના ટૂકડે ટૂકડા થઈ ગયા. એ જોઈને પાત્ર લઈ આવનારો નાગાર્જુનનો શિષ્ય ખૂબ ખેદ પામ્યો. ત્યારે શ્રીપાદલિપ્તાચાર્યે કહ્યું કે 'હે ભદ્ર! તું ખેદ ન પામ. તને શ્રાવક પાસેથી સારું ભોજન અપાવીશ અને જ્યારે તે પાછો ફરતો હતો, ત્યારે આચાર્યશ્રીએ મુખ બંધ કરેલું એક કાચનું પાત્ર આપતાં જણાવ્યું કે આ પાત્ર નાગાર્જુનને આપજે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાગાર્જુનનો શિષ્ય માર્ગમાં વિચાર કરવા લાગ્યો કે 'મારો ગુરુ ખરેખર મૂર્ખ લાગે છે કે જે આની સાથે સ્નેહ કરવાને ઇચ્છે છે.' પછી તેણે ઘરે પહોંચીને બધો વૃત્તાંત નાગાર્જુનને કહી સંભળાવ્યો અને પેલું પાત્ર તેના હાથમાં મૂક્યું.

નાગાર્જુને અતિ ઉત્સુકતાથી તે પાત્ર ખોલ્યું તો તેમાંથી મૂત્રની વાસ આવી; તેથી ખેદ પામીને તેણે એ પાત્રનો પત્થર પર ઘા કર્યો અને તે ભાંગીને ભૂકો થઈ ગયું. પછી ભોજન બનાવવા માટે શિષ્યે દૈવયોગે તે જ પત્થર પર અગ્નિ સળગાવ્યો, એટલે તે પત્થર સુવર્ણનો બની ગયો. આ જોઈને શિષ્ય ભારે આશ્ચર્ય પામ્યો અને તેણે ગુરુને જણાવ્યું કે 'આ આચાર્ય પાસે એવી અદ્ભુત સિદ્ધિ છે કે જેના મૂત્રાદિનો સંગ થતાં પત્થર પણ સુવર્ણરૂપ થાય છે.'

આ શબ્દો સાંભળીને નાગાર્જુન અતિ આશ્ચર્ય પામ્યો અને ચિંતવવા લાગ્યો કે 'આ સિદ્ધિ આગળ મારી સિદ્ધિ શું વિસાતમાં છે? કયાં સૂર્ય અને કયાં ખદ્યોત! કયાં સાગર અને કયાં ખાબોચિયું? દૂર દેશમાં ફરતાં અને ઔષધો એકત્ર કરતાં સર્વદા ભિક્ષાનાં ભોજનથી મારો દેહ પણ મ્લાન થઈ ગયો છે અને એ આચાર્ય તો બાલ્યાવસ્થાથી જ લોકમાં પૂજાયા છે અને આકાશગામિની વિદ્યાથી મનના મનોરથો સિદ્ધ કરે છે. વળી તેમના દેહમાં પણ એવી લબ્ધિ રહેલી છે કે જેના મૂત્રા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિકના યોગથી પત્થર પણ સુવર્ણનો બની જાય છે, તો એની શી વાત કરવી ?' એમ વિચારી તેણે પોતાના રસ–ઉપકરણોને બાજુએ મૂકી દીધાં અને આચાર્ય પાસે ગયો તથા મદરહિત બનીને પૂર્ણ વિનયથી નમસ્કાર કરતા બોલ્યો કે ' હે નાથ ! સ્પૃહાને જિતનાર અને દેહસિદ્ધ એવા આપને જોવાથી મારી સિદ્ધિનો ગર્વ ગળી ગયો છે. માટે હું આપનાં ચરણકમલમાં સદા લીન થવાને ઇચ્છું છું. મિષ્ટાન્ન પ્રાપ્ત થતાં તુચ્છ ભોજન કોને ભાવે ? ' અને તે શ્રીપાદલિપ્તાચાર્યની નિરંતર સેવા કરવા લાગ્યો.

એક વખત આચાર્યશ્રી અષ્ટાપદ વગેરે તીર્થોની મુહૂર્ત માત્રમાં યાત્રા કરીને પાછા આવ્યા, ત્યારે અન્ય સાધુઓ ત્યાં હાજર નહિ હોવાથી નાગાર્જુન તેમની સેવામાં હાજર થયો અને ભક્તિભાવથી તેમનાં ચરણો ધોવા લાગ્યો. પછી તે ચરણોદક પરઠવવા ચાલ્યો. ત્યાં એકાંતમાં જઈને તે ચરણોદકને બરાબર સુંઘ્યું તથા તેનો સ્વાદ પણ ચાખી જોયો. એ રીતે તેણે ચરણોદકના વાસ–સ્વાદ પરથી તેમાં વપરાયેલી ૧૦૭ ઔષધિઓને શોધી કાઢી. પછી તેણે ઔષધિઓનો લેપ કરી પોતાના પગે ચોપડીને ગુરુની માફક ઉડવાનો આરંભ કર્યો, પણ તેમાં જોઈએ તેવી સફળતા મળી નહિ; એટલે કે તે થોડુંક ઊડીને નીચે પડચો. આમ છતાં તે હિંમત હાર્યો નહિ. તેણે ફરી ઉડવાનો પ્રયત્ન કર્યો અને ફરી નીચે પટકાચો, એટલે તે મનમાં વિચાર કરવા લાગ્યો કે ' રખેને કોઈ ઔષધિમાં ન્યૂનતા રહી ગઈ હોય ! ' તેથી જે ઔષધિ જે

સમયે અને જે નક્ષત્રે લાવવી ઘટે તે સમયે અને તે નક્ષત્રે લઈ આવ્યો અને તેનો લેપ તૈયાર કરી, પગે લગાડીને ઉડવા લાગ્યો, પરંતુ તે જરા ઊંચે ગયો ન ગયો કે ચકરી ખાઈને એક ઊંડા ખાડામાં ગબડી પડચો અને શરીરે છોલાયો.

પછી મહામહેનતે બહાર નીકળી ગુરુ આગળ જતાં તેમણે કહ્યું કે 'અહો! ગુરુ વિના પણ પાદલેપ સિદ્ધ થયો કે શું!' ત્યારે તેણે હસીને ઉત્તર આપ્યો કે 'ગુરુ વિના સિદ્ધિ ન થાય, પણ મેં મારાં બુદ્ધિબળની પરીક્ષા કરી છે.' તેના આવા સત્ય ઉત્તરથી ગુરુ પ્રસન્ન થયા અને બોલ્યા કે 'હે ભદ્ર! તું સાંભળ. હું તારી રસસિદ્ધિ કે શુશ્રૂષાથી સંતુષ્ટ થયો નથી, પણ તારાં પ્રજ્ઞાબળથી પ્રસન્ન થયો છું, કારણ કે પાદપ્રક્ષાલન માત્રથી વસ્તુનાં નામ કોણ જાણી શકે? માટે હું તને વિદ્યા આપીશ, પણ તું મને ગુરુ દક્ષિણામાં શું આપીશ?'

નાગાર્જુને કહ્યું કે 'હે ભગવન્! આપ જે ફરમાવો તે આપવાને હું તૈયાર છું.'

પછી ગુરુના કહેવાથી તેણે જૈન ધર્મ અંગીકાર કર્યો, એટલે ગુરુએ તેને એક ખૂટતાં ઔષધનું નામ કહ્યું તથા બધી ઔષધિઓ પાણીને બદલે ચોખાનાં ધોવરામણમાં વાટવા જણાવ્યું. એ પ્રમાણે કરતાં સિદ્ધ નાગાર્જુન ગરુડની જેમ આકાશ માર્ગે ઉડીને યથેચ્છ સ્થાને જવા લાગ્યો.

પછી તે કૃતજ્ઞ વિદ્યાસિદ્ધ નાગાર્જુને શત્રુંજય પર્વતની તળેટીમાં એક નગર વસાવ્યું અને તેને પોતાના ગુરુનાં નામ પરથી પાદલિપ્તપુરી નામ આપ્યું, જે આજે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાલીતાણાનાં નામથી મશહુર છે.

આ પરથી સમજવાનું એ છે કે નાગાર્જુન જેવો એક મહા વિચક્ષણ પુરુષ ગુરુ વિના સારું જ્ઞાન કે પૂરી વિદ્યા પામી ન શક્યો, તો સામાન્ય માણસની વાત શી કરવી ?

પરિસ્થિતિ આવી હોવાથી જ જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે–

**इहलोग-पारत्तहिअं, जेणं गच्छइ सुग्गइं ।**
**बहुस्सुअं पज्जुवासिज्जा, पुच्छिज्जत्थविणिच्छयं ॥**

'આ લોક અને પરલોકનું હિત સધાય તથા સદ્ગતિની પ્રાપ્તિ થાય. તે માટે મુમુક્ષુએ બહુશ્રુત એવા ગુરુને પર્યુપાસવા–જોઈએ અને તેમને અર્થવિનિશ્ચય એટલે તત્ત્વનું રહસ્ય પૂછવું જોઇએ.'

મુંડકોપનિષદ્‌માં પણ આવો જ ઉપદેશ અપાયેલો છેઃ **'तद्विज्ञानार्थं गुरमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्'** તેના (આત્માના) વિશેષ જ્ઞાન અર્થે મુમુક્ષુએ સમિધ વગેરે હાથમાં લઇને શ્રોત્રિય એટલે શ્રુતિવેદ વગેરેને જાણનાર અને બ્રહ્મનિષ્ઠ એટલે આત્મજ્ઞાની એવા ગુરુની પાસે જવું.

ભગવદ્ ગીતાના '**तद्विधिप्रणिपातेन परिप्रश्नेन सेवया–** એ વચનો પરથી એમ જાણી શકાય છે કે આવા આત્મજ્ઞાની ગુરુ પાસે ગયા પછી તેમને પ્રણામ કરવા જોઇએ, વારંવાર પ્રશ્ન પૂછવા જોઈએ અને તેમની સારી રીતે સેવા કરવી જોઈએ, જેથી ગુરુ પ્રસન્ન થઇને સાચું જ્ઞાન આપે અને સંસારસાગર તરી શકાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૬-ગુરુના ગુણદોષ તપાસવાની જરૂર

અહીં બહુશ્રુત, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ વગેરે શબ્દોનો પ્રયોગ થયો છે, તે પરથી એટલું સમજી શકાય છે કે ગમે તે ગુરુ પાસે જવાથી કે ગમે તેવાને ગુરુ ધારવાથી ધર્મ કે આત્મજ્ઞાનનો લાભ પામી શકાતો નથી.

જે મનુષ્યો ગુરુના ગુણદોષની તપાસ કર્યા વિના તેમનો સ્વીકાર કરે છે, તેઓ ઘંટ પરથી ગાય ખરીદનાર મુગ્ધ મનુષ્યનું અનુસરણ કરે છે.

એક મુગ્ધ મનુષ્યને વૈદ્યોએ માત્ર ગાયનાં દૂધ ઉપર રહેવાની સલાહ આપી. આ રીતે દૂધ પર રહેતાં રોજનું પાંચ–છ શેર દૂધ જોઇએ, એટલે તેણે ગાય ખરીદવાનો વિચાર કર્યો અને તે માટેનાં ખાસ બજારમાં ગયો. ત્યાં અનેક પ્રકારની ગાયો ઊભેલી હતી. કેટલીક રાતી, કેટલીક પીળી, કેટલીક કાબરી તો કેટલીક કાળી. તેમાંની કેટલીક દુબળી હતી, કેટલીક મધ્યમ હતી અને કેટલીક રુષ્ટપુષ્ટ હતી. તેમાં એક રુષ્ટપુષ્ટ ગાયને ગળે સુંદર ઘંટ બાંધેલો હતો. આ જોઇને મુગ્ધ મનુષ્યે વિચાર કર્યો કે અન્ય કોઇ ગાયને ગળે ઘંટ બાંધેલો નથી અને આ ગાયને ગળે ઘંટ બાંધેલો છે, તેમજ તે શરીરમાં પણ રુષ્ટપુષ્ટ છે, તેથી બીજી ગાયો કરતાં જરૂર શ્રેષ્ઠ હશે અને વધારે દૂધ આપતી હશે. આથી વધારે પૂછપરછ ન કરતાં મોંમાગ્યું મૂલ્ય આપીને ખરીદી લીધી અને તેને ઘરે લાવ્યો.

તેની સ્ત્રીએ એ ગાયને જોતાં જ પ્રશ્ન કર્યો કે 'આને કેટલાં વેતર થયાં છે?' એટલે પેલાએ કહ્યું કે 'એ તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં પૂછ્યું નથી.' સ્ત્રીએ બીજો પ્રશ્ન કર્યો કે 'એ કેટલું દૂધ આપે છે?' ઉત્તરમાં પેલાએ જણાવ્યું કે 'એ પણ મેં પૂછ્યું નથી.' આ સાંભળી સ્ત્રીએ ત્રીજો પ્રશ્ન કર્યો કે 'શું એને તમે દોહીને લીધી છે?' ત્યારે પેલાએ જણાવ્યું કે 'ના, મેં એને દોહી પણ નથી.' ફરી સ્ત્રીએ પૂછ્યું 'તો શું તમે એનું આઉ તપાસ્યું છે?' પેલાએ કહ્યું: 'ના, હું એ કોઇ માથાકૂટમાં ઉતર્યો જ નથી.' સ્ત્રીએ પૂછ્યું: 'તો પછી આ ગાયને તમે કેવી રીતે ખરીદી?' પેલાએ કહ્યું કે 'બધી ગાયોમાં એ રુષ્ટપુષ્ટ હતી અને તેનાં ગળામાં સુંદર ઘંટ બાંધેલો હતો, એટલે હું સમજ્યો કે તે સહુથી વધારે દૂધ આપતી હશે, તેથી મેં માગ્યું મૂલ્ય ચૂકવીને ખરીદી લીધી.' આ સાંભળી સ્ત્રીએ કહ્યું કે 'આ ગાય તો પાખડી છે, એટલે જરા પણ દૂધ આપશે નહિ.'

આ સાંભળીને મુગ્ધ મનુષ્ય ભારે વિમાસણમાં પડી ગયો. પછી તેણે માથું ખજવાળતાં કહ્યું કે 'જો એમજ હોય તો આ ગાય આપણે બીજાને વેચી નાખીશું.' સ્ત્રીએ કહ્યું: 'પણ તમારા જેવા બીજા હૈયાફૂટા કોણ હશે કે જે વગર તપાસ્યે આ ગાયને ખરીદશે? એટલે આટલેથી જ પત્યું.' આ રીતે મુગ્ધ મનુષ્યને તે ગાય માથે પડી અને તેના પૈસા પાણીમાં ગયા.

અહીં જુદા જુદા રંગની ગાયો તે જુદા જુદા વેશવાળા ગુરુઓ સમજવા. તેમાં પાતળાપણું, મધ્યમપણું અને રુષ્ટપુષ્ટપણું ત્યાગ અને તપશ્ચર્યાની દૃષ્ટિએ જાણવું. જે ગુરુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આધ્યાત્મિક ઉન્નતિ અર્થે ત્યાગમાર્ગનો સ્વીકાર કરે છે અને વિવિધ પ્રકારનાં તપો વડે ઇંદ્રિયો તથા દેહનું દમન કરે છે, તે દુબળા શરીરવાળા જણાય છે; જે ગુરુઓ અતિ ઉત્સાહથી ત્યાગમાર્ગનો સ્વીકાર કરે છે, પણ તપનું જોઇએ તેટલું આલંબન લેતા નથી, તેઓ મધ્યમ શરીરવાળા જણાય છે; અને જેઓ સાધુપણું લીધા પછી ત્યાગ અને તપશ્ચર્યા ભૂલી મનગમતા માલમલીદા ઉડાવે છે, તેઓ રુષ્ટપુષ્ટ શરીરવાળા જણાય છે. તેઓ જે બાહ્યાડંબર રાખે છે, તે ગળામાંનો ઘંટ સમજવો. આવા ગુરુઓનું શરણ સ્વીકારવાથી ધર્મ કે તત્ત્વવિનિશ્ચય રૂપી દૂધ મળતું નથી.

## ૭–અસદ્‌ગુરુ કે અયોગ્ય ગુરુનાં લક્ષણો

ગુરુને શરણે જઈ તેમની સેવા કરવાનું મુખ્ય કારણ એ છે કે તેઓ આપણને સાચું જ્ઞાન આપે, સાચો માર્ગ બતાવે અને એ રીતે આપણે જન્મ, જરા, મૃત્યુનાં દુઃખમાંથી બચી શકીએ, પરંતુ અસદ્‌ગુરુ, અયોગ્ય ગુરુ કે કુગુરુને શરણે જતાં નથી તો સાચું જ્ઞાન મળતું, નથી તો સાચો માર્ગ જડતો કે નથી તો જન્મ, જરા અને મૃત્યુનાં દુઃખમાંથી બચી શકાતું. એટલે ભવભીરુ આત્માઓએ તેમને અવશ્ય છોડવા ઘટે.

'અસદ્‌ગુરુ કે અયોગ્ય ગુરુ કોને કહેવાય ?' તેનો ઉત્તર અહીં વિસ્તારથી આપીશું. જેઓ વિષયલંપટ કે વિષયાભિલાષી હોય, તેઓ ગુરુપદને માટે હરગીઝ યોગ્ય નથી. આવા ગુરુઓ મુખેથી ઇશ્વર, બ્રહ્મ, આત્મા, ધર્મ વગેરેની વાતો કરતા હોય છે, પણ તેમનું હૃદય તો વિષય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૃપ્તિ તરફ જ ઢળેલું હોય છે, એટલે તેઓ એક યા બીજાં બહાને સ્ત્રીવર્ગને પોતાની આસપાસ એકઠો કરે છે, તેમને મીઠી મીઠી વાતોથી ભોળવે છે અને છેવટે તેમને પોતાની જાળમાં સપડાવી મનની મુરાદ પાર પાડે છે. કેટલીક વાર આવા ગુરુઓ શિષ્યની રૂપલાવણ્યવતી સ્ત્રીના પ્રેમમાં પડી તેને ઉઠાવી પણ જાય છે અથવા તેની સાથે ખુલ્લો વ્યભિચાર પણ કરે છે. 'પરણ્યાની પહેલી રાતે તમારી સ્ત્રીને અમારી પાસે મોકલવી' એવાં ફરમાનો પણ આ પ્રકારના ગુરુદેવો તરફથી છૂટેલા છે અને હજારો સ્ત્રીઓની લાજ લુંટાયેલી છે. 'તમારું અમુક કામ થાય તો તમારે અમને રાજી કરવા' એવી બાધાઓ આપીને આ પ્રકારના ગુરુઓએ સમાજનું સત્યાનાશ વાળેલું છે, એમ કહેતાં અમને સંકોચ થતો નથી.

આડો પડદો રાખીને સ્ત્રી વર્ગમાં એકલા બેસવું, આશીર્વાદનિમિત્તે તેમનાં માથે હાથ મૂકવા અને તેમના કરનો પોતાનાં ચરણને સ્પર્શ થવા દેવો વગેરે બાબતો બ્રહ્મચર્યનો ભંગ થવામાં પ્રબળ નિમિત્તો છે, એટલે તેનો પ્રયોગ કરનારાઓ પોતાનાં ગુરુપદની યોગ્યતા ગુમાવે છે.

જેઓ અબ્રહ્મચારી છે, તેઓ પણ ગુરુપદને માટે યોગ્ય નથી. આવા ગુરુઓ શિષ્યને બ્રહ્મચર્યનો મહિમા કઇ રીતિએ સમજાવી શકે ? અને કદાચ સમજાવવા બેસે તો પોથીમાંનાં રીંગણાં જેવો એ ઉપદેશ શિષ્યને શી અસર કરે ? બ્રહ્મચર્ય અને તપ વિના આત્માનો સાક્ષાત્કાર થતો નથી, એ સિદ્ધ હકીકત છે, એટલે આવા ગુરુઓને

શરણે જવાથી આત્મસાક્ષાત્કાર કે આત્મદર્શન થઈ શકે નહિ એ દેખીતું છે. સ્ત્રી અને પુત્રપરિવારનિમિત્તે આવા ગુરૂઓનાં ગૃહમાં જે કલેશ-કંકાસ થાય છે અને જેનાં પરિણામે કોર્ટ-કચેરી સુધી જવું પડે છે, તેની અસર શિષ્યનાં મન પર કેવી પડે ?' એ સમજી શકાય એવું છે.

જેઓ કંચનના કામી એટલે ધનલોભી છે, તેઓ પણ ગુરુપદને માટે યોગ્ય નથી. આવા ગુરુઓ એક યા બીજાં બહાને શિષ્યનાં ધનનું હરણ કરે છે અને તેને અતિ કઢંગી હાલતમાં મૂકી દે છે. કંચનના કામી ગુરુઓએ ભગવાનનાં નામની હુંડીઓ લખી શિષ્યો પાસેથી પૈસા પડાવ્યા છે અને સ્વર્ગમાં કેરીઓ તથા અનારનું ઝાડ આપવાની ભલામણચીઠીઓ લખીને શિષ્યના ગજવાનો ભાર ઓછો કરેલો છે. વળી તેમણે શિષ્યોને દુષ્ટ ગ્રહ તથા ભૂતપિશાચની બાધામાંથી બચાવવાનાં બહાને મોટી રકમો પડાવેલી છે અને આજે પણ તેઓ સોનું બનાવી આપવાનાં બહાને, ચલણી નોટોને ડબલ (બમણી) બનાવી આપવાનાં બહાને અથવા સટ્ટા, રેસ અને આંકડાનું સાચું ભવિષ્ય કહેવાને બહાને પુષ્કળ પૈસા પડાવે છે. આવા ગુરુઓ પાસેથી આત્મજ્ઞાનની આશા કઈ રીતિએ રાખી શકાય ? ભક્ત કવિ અખાએ ઠીક જ કહ્યું છે કે 'ધન હરે પણ ધોખો નવ હરે, એ ગુરુ શું કલ્યાણ જ કરે ?' જે એક યા બીજા બહાને શિષ્યનું ધન ધૂતી લે છે, પણ તેનાં હૃદયમાં જે અનેકવિધ શંકાઓ હોય છે, તેનું નિવારણ કરતા નથી, તે ગુરુ શિષ્યનું કંઈ પણ કલ્યાણ કરવાને અસમર્થ છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેઓ ભક્ષ્યાભક્ષ્યના વિવેકથી રહિત છે અને માંસ, મદિરા, મત્સ્ય, ઈંડાં તથા અન્ય અભક્ષ્ય વસ્તુઓનો ઉપયોગ કરે છે, તેઓ પણ ગુરુપદ માટે અયોગ્ય છે. આવા ગુરુઓ શિષ્યને આહારશુદ્ધિનું મહત્ત્વ શી રીતે સમજાવી શકે? અને આહારશુદ્ધિનું મહત્ત્વ ન સમજાવે તો સત્ત્વશુદ્ધિ સુધી શી રીતે લઈ જાય? સત્ત્વશુદ્ધિથી જ આત્મદર્શન થાય છે, એ હકીકત સિદ્ધ છે, એટલે આવા ગુરુઓને શરણે જવાથી આત્મદર્શન પામી શકાતું નથી, એ નિશ્ચિત છે.

સવારે કેશર–કસ્તૂરી–બદામ–પીસ્તાવાળાં દૂધ પીવાં, બપોરે માલમલીદા ઉડાવવા, પાછલા પહોરે માદક પીણાં પીવા અને રાત્રે મોડે સુધી જમવાનો વ્યવહાર ચાલુ રાખવો એ પણ ગુરુપદની યોગ્યતા બહારની વસ્તુ છે. એથી બ્રહ્મચર્યપાલનની શક્યતા રહેતી નથી. અનુભવીઓ તો એમ કહે છે કે 'ભિક્ષા માગીને ખાવાનું હોય અને તે પણ નીરસ, સૂવાનું ભોંય પર હોય અને દેહ પર માત્ર એક લંગોટી હોય તો પણ વિષયનો હલ્લો થાય છે, તો આ રીતે રહેનારાઓ બ્રહ્મચર્ય શી રીતે પાળી શકે?'

જેઓ મિથ્યા સિદ્ધાંતોનો ઉપદેશ કરે છે, તેઓ પણ ગુરુપદને માટે યોગ્ય નથી. આવા ગુરુઓને શરણે જતાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે અને ભવભ્રમણ અનેક ગણું વધી જાય છે, એ નિશ્ચિત છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વભાવથી જેઓ ગુરુપદને માટે અયોગ્ય છે, તેનો પણ અહીં પરિચય કરાવીશું. જેઓ સ્વભાવે અતિક્રૂર હોય અને કંઈ વાંકું પડ્યું કે શાપ આપવા તૈયાર હોય, તેઓ ગુરુપદ માટે અયોગ્ય છે. શાસ્ત્રકારોએ તેમને ઝેરી નાગની ઉપમા આપી છે.

જેઓ સ્વભાવે મહાકપટી હોય અને પોતાનું ધાર્યું કરવા અનેક જાતનાં કૂડકપટ કર્યા જ કરતા હોય, તેઓ પણ ગુરુપદ માટે અયોગ્ય છે. શાસ્ત્રકારોએ તેમને ચોરની ઉપમા આપી છે.

જેઓ સ્વભાવે દંભી હોય એટલે મનથી એક વસ્તુ માનતા હોય અને કરતા બીજી જ હોય, તેઓ પણ ગુરુપદ માટે અયોગ્ય છે. શાસ્ત્રકારોએ તેમને ઠગની ઉપમા આપી છે.

જેઓ સ્વભાવે કૃપણ હોય એટલે બદલો લીધા વિના ધર્મોપદેશ આદિ કાર્યો કરવા તૈયાર ન હોય, તેમને પણ ગુરુપદ માટે અયોગ્ય જાણવા. શાસ્ત્રકારોએ તેમને વાણિયાની ઉપમા આપી છે.

જેઓ સ્વભાવે મહાસ્વાર્થી હોય એટલે માત્ર લેવાનું જાણતા હોય પણ આપવાનું જાણતા ન હોય, તેમને પણ ગુરુપદ માટે અયોગ્ય જાણવા. અહીં લેવાનું શું? અને આપવાનું શું? તેનો પણ ખુલાસો કરીએ. ગુરુઓ પોતાની આજીવિકા માટે ગૃહસ્થો પાસેથી આહાર–પાણી, વસ્ત્ર–પાત્ર તેમજ કેટલીક વસ્તુઓ મેળવે છે, એટલે તે લેવાની ક્રિયા છે. અને તેઓ ધર્મોપદેશ દ્વારા વિધવિધ વિષયોનું જ્ઞાન આપે છે, એટલે તે આપવાની ક્રિયા છે. અર્થાત્ જે સાધુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર તથા સત્કારાદિ ગ્રહણ કરે છે પણ ધર્મોપદેશ આપતા નથી, તે ગુરુપદને માટે અયોગ્ય છે. શાસ્ત્રકારોએ તેમને વાંઝણી ગાયની ઉપમા આપેલી છે.

જેઓ બોલવામાં શૂરા હોય પણ આચરણમાં અધૂરા હોય તે પણ ગુરુપદને યોગ્ય નથી. શાસ્ત્રકારોએ તેમને નટની ઉપમા આપી છે.

આ રીતે અયોગ્ય ગુરુઓનું સ્વરૂપ જાણી તેમનો ત્યાગ કરનાર મહા અનર્થમાંથી બચી શકશે અને સદ્ગુરુની પ્રાપ્તિનો માર્ગ સરળ બનાવશે.

## ૮–સદ્ગુરુનાં લક્ષણો

એક સંત કવિ કહે છે કે—

જો સદ્ગુરુનું શરણ જ મળે;
તો જન્મ જરા અને મૃત્યુ ટળે.

જૈન ધર્મનો પણ આ જ મુખ્ય સિદ્ધાંત છે, પણ તે જાહેર કરે છે કે સદ્ગુરુઓની પ્રાપ્તિ ધારવા જેટલી સહેલી નથી. કારણ કે—

**शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।**
**साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥**

'માણેક બધા પર્વતોમાંથી નીકળતાં નથી. મોતી બધા હાથીઓનાં કુંભસ્થલમાં હોતાં નથી. ચંદનનાં વૃક્ષ દરેક વનમાં ઉગતાં નથી. તેજ રીતે ગુરુપદની યોગ્યતા ધરાવનાર સુસાધુઓ સર્વત્ર મળી આવતા નથી.' તાત્પર્ય કે તેઓ કોઇક જ સ્થળે ક્વચિત્ જ મળી આવે છે.

'સદ્‌ગુરુ કોને માનવા?' એ પ્રશ્નના ઉત્તરમાં તે કહે છે કે—

**महाव्रतधरा धीरा, भैक्ष्यमात्रोपजीविनः ।**
**सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥**

'જેઓ મહાવ્રતોને ધારણ કરનારા છે, જેઓ પરીષહને સહન કરનારા છે, જે ભિક્ષા ઉપર જ પોતાનો નિર્વાહ ચલાવનારા છે, જેઓ સામાયિકમાં-સમભાવમાં રહેનારા છે અને જેઓ સત્યધર્મનો ઉપદેશ કરનારા છે, તેઓ ગુરુ મનાયેલા છે, અર્થાત્ તેમને સદ્‌ગુરુ માનવા.'

અહીં મહાવ્રતોથી નીચેનાં પાંચ મહાવ્રતો સમજવાનાં છેઃ-(૧) પ્રાણાતિપાત-વિરમણ-વ્રત. પ્રાણનો અતિપાત એટલે હિંસા, તેમાંથી નિવૃત્ત થવાનું વ્રત. (૨) મૃષાવાદ-વિરમણ-વ્રત એટલે જૂઠું બોલતાં અટકવાનું વ્રત. (૩) અદત્તાદાન-વિરમણ-વ્રત એટલે કોઈ પણ પ્રકારની ચોરી કરતાં અટકવાનું વ્રત. (૪) મૈથુન-વિરમણ-વ્રત એટલે અબ્રહ્મથી અટકવાનું વ્રત અને (૫) પરિગ્રહ-વિરમણ-વ્રત એટલે પરિગ્રહથી અટકવાનું વ્રત.

આ વ્રતો મન, વચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ અને અનુમોદવું પણ નહિ, એ રીતે દેશ અને કાલની મર્યાદાથી નિરપેક્ષપણે લેવાય છે, એટલે મહાવ્રત કહેવાય છે. તેને ધારણ કરવાનું ત્યારે જ શક્ય બને છે કે જ્યારે અગાર એટલે ઘરનો ત્યાગ કરી અણગાર બનવામાં આવે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે જે પુરુષ સાધુ હોય તે જ સદ્‌ગુરુ થઈ શકે પણ ગૃહસ્થ હોય તે સદ્‌ગુરુ થઈ શકે નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરીષહને સહન કરવાનો અર્થ એ છે કે સાધુજીવનની સાધના દરમિયાન ગમે તેવાં કષ્ટ પડે તો પણ તેને સમભાવે વેઠી લેવાં અને અદ્‌ભુત તિતિક્ષા કરવી. શાસ્ત્રકારોએ પરીષહની સંખ્યા ૨૨ની માની છે, તે આ પ્રમાણે:–

(૧) **ક્ષુધાપરીષહ**–ગમે તેવી ભૂખ લાગી હોય તો પણ મનને પ્રસન્ન રાખવું અને સૂઝતો આહાર મળે તો જ ગ્રહણ કરવો.

(૨) **તૃષાપરીષહ**–ગમે તેવી તૃષા લાગી હોય તો પણ મનની સ્વસ્થતા ગુમાવવી નહિ કે સચિત્ત જળનો ઉપયોગ કરવો નહિ. વાવ, કૂવા, તળાવ વગેરેમાં રહેલું પાણી સચિત્ત કહેવાય છે.

(૩) **શીતપરીષહ**–ગમે તેવી ભારે ઠંડી સહન કરી લેવી પણ તે ઉડાડવા માટે અગ્નિ સળગાવવો નહિ.

(૪) **તાપપરીષહ**–ગમે તેવો આકરો તાપ સહન કરી લેવો, પણ તેનાં નિવારણ અર્થે ઠંડા જળનો, બરફનો કે પંખા વગેરેનો ઉપયોગ કરવો નહિ.

(૫) **દંશ–મશક–પરીષહ**–ડાંસ મચ્છર કરડતાં હોય તો સહન કરી લેવું, પણ તેને ઉડાડવા માટે ધૂણી કરવી નહિ કે દવા વગેરે વાપરવી નહિ.

(૬) **અચેલપરીષહ**–વસ્ત્ર સર્વથા ન મળે કે જીર્ણ થઈ ગયેલાં મળે તો પણ તેનાથી ચલાવી લેવું.

(૭) **અરતિપરીષહ**–કોઈ ઉદ્વેગનું કારણ ઉત્પન્ન થાય તો પણ સમભાવ છોડવો નહિ કે ધર્માચરણ પ્રત્યે ખેદ ધારણ કરવો નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮) **સ્ત્રીપરીષહ**–સ્ત્રીને સંયમમાર્ગમાં વિઘ્ન કરનાર જાણી તેને સરાગ દૃષ્ટિએ જોવી નહિ કે તે વિષયાર્થે નિમંત્રણ આપે તો તેને આધીન થવું નહિ.

(૯) **ચર્યાપરીષહ**–ચોમાસાના ચાર માસ એક સ્થળે રહેવું ને બાકીના સમયમાં સ્થળે સ્થળે પગપાળા વિચરતા રહેવું.

(૧૦) **નૈષેધિકીપરીષહ**–શૂન્યગૃહ, સ્મશાન, સર્પનો રાફડો, પર્વતની ગુફાઓ વગેરે સ્થાનમાં રહેવું અને પ્રાપ્ત થતાં ઉપદ્રવોથી ચલાયમાન ન થવું.

(૧૧) **શય્યાપરીષહ**–સૂવા માટે ગમે તેવું સ્થાન કે ગમે તેવું આસન મળે તો ચલાવી લેવું, પણ ખિન્ન થવું નહિ.

(૧૨) **આક્રોશપરીષહ**–કોઈ અજ્ઞાની મનુષ્ય તિરસ્કાર કરે તો તેના પ્રત્યે દ્વેષ ન કરવો.

(૧૩) **વધપરીષહ**–કોઈ લાકડીથી મારે કે હથિયારથી હણે તો પણ તેના પર ક્રોધ ન કરતાં સમભાવમાં સ્થિર રહેવું.

(૧૪) **યાચનાપરીષહ**–મારાથી બીજા પાસે કેમ મંગાય? એ વિચારને આધીન ન થતાં દરેક વસ્તુ યાચીને જ વાપરવી.

(૧૫) **અલાભપરીષહ**–ભિક્ષામાં કોઈ વસ્તુ ન મળી તો ખેદ કરવો નહિ.

(૧૬) **રોગપરીષહ**—ગમે તેવો રોગ ઉત્પન્ન થાય તો પણ મનને શાંત રાખવું. યોગ્ય ઉપચારથી ન મટે તો કર્મનો ઉદય જાણી શાંતિ રાખવી, પણ ગભરાવું નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૭) **તૃણુ સ્પર્શપરીષહ**—અમુક કોટિના સાધુઓને તૃણનો સંથારો હોય છે. તેના પર સૂતાં તૃણની અણીઓ વાગે તે સહન કરી લેવી. જેમને વસ્ત્રનો સંથારો હોય છે, તે ખરબચડો કે પ્રતિકૂળ હોય તો પણ દીનતા ધારણ કરવી નહિ.

(૧૮) **મલપરીષહ**—પરસેવા વગેરેથી શરીરને મેલ લાગ્યો હોય કે વાસ આવતી હોય તો સમભાવે સહન કરી લેવી, પણ જલસ્નાનની ઈચ્છા કરવી નહિ. જલ-સ્નાન સાધુઓને માટે નિષિદ્ધ છે.

(૧૯) **સત્કારપરીષહ**—કોઈ સારો સત્કાર કરે તો તેથી ફૂલાઈ જવું નહિ.

(૨૦) **પ્રજ્ઞાપરીષહ**—બહુશ્રુતપણાનું કે બુદ્ધિનું અભિમાન કરવું નહિ.

(૨૧) **અજ્ઞાનપરીષહ**—ઘણો પ્રયત્ન કરવા છતાં જ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ તો ખેદ કરવો નહિ કે શ્રુતનો અભ્યાસ છોડી દેવો નહિ. જેટલું આવડે તેટલું ગ્રહણ કરવું.

(૨૨) **સમ્યક્ત્વ પરીષહ**—અનેક કષ્ટ અને ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં સર્વજ્ઞભાષિત ધર્મની શ્રદ્ધાથી ચલાયમાન ન થવું.

ભિક્ષા ઉપર જીવવાનો અર્થ એ છે કે તેઓ પોતાના થકી રસોડું ચલાવે નહિ કે જાતે રાંધે નહિ, પણ ગૃહસ્થોનાં ઘરમાંથી જે સૂઝતાં આહારપાણી મળે તેનાથી જ પોતાની આજીવિકા ચલાવે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમભાવમાં રહેવાનો અર્થ એ છે કે રાગદ્વેષ, સુખ–દુઃખ કે હર્ષવિષાદનાં દ્વંદ્વમાં સપડાવું નહિ. ગમે તેવી અનુકૂળ કે વિપરીત સ્થિતિમાં પણ મનનું સમતોલપણું ગુમાવવું નહિ, તેમ જ સર્વ જીવોને સમાન માની તેમના પ્રત્યે મૈત્રીભાવ દાખવવો.

સત્ય ધર્મનો ઉપદેશ કરવાનો અર્થ એ છે કે સર્વજ્ઞ ભગવંતોએ જે પ્રકારે તત્ત્વની પ્રરૂપણા કરી છે, જે પ્રકારે આચારનો બોધ આપ્યો છે, તે પ્રમાણે જ લોકોને તેનો ઉપદેશ કરવો, પણ પોતાની મતિકલ્પનાથી તેમાં ફેરફાર કરવો નહિ.

આવા ગુરુઓ ભલે થોડા હોય, પણ આજે વિદ્યમાન છે, એટલે તેમનું શરણ શોધવું, તેમની સેવા કરવી અને એ રીતે સાચું જ્ઞાન પ્રાપ્ત કરી ભાવસાગરને તરી જવો, એ પ્રત્યેક મુમુક્ષુનું પવિત્ર કર્તવ્ય છે.

## ૯–વિનયની મહત્તા

સદ્‌ગુરુની સેવા માટે જૈન શાસ્ત્રોમાં વિનય શબ્દ પ્રસિદ્ધ છે. તેની મહત્તા દર્શાવતાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'મૂળમાંથી જેમ થડ થાય છે, થડમાંથી જેમ ડાળીઓ થાય છે, ડાળીઓમાંથી જેમ ડાંખળીઓ થાય છે, ડાંખળીઓમાંથી જેમ પાંદડાં થાય છે અને પાંદડાંમાંથી જેમ ફૂલ અને ફૂલનો રસ થાય છે, તેમ વિનયરૂપી મૂળમાંથી ધર્મનો સ્કન્ધ (થડ) પ્રકટે છે અને તેનો ક્રમશઃ વિસ્તાર થતાં કીર્તિ, શ્રુત અને નિઃશ્રેયસનો લાભ થાય છે.'

'જે શિષ્યો આચાર્યો અને ઉપાધ્યાયોની સેવા કરે છે, તેઓની શિક્ષા પાણીથી સિંચાયેલાં વૃક્ષોની પેઠે વૃદ્ધિ પામે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જે શિષ્ય સદ્ગુરુની આજ્ઞામાં રહે છે, જે ધર્મનું રહસ્ય સમજ્યો છે તથા જે વિનયની બાબતમાં કુશળ છે, તે આ દુસ્તર (સંસાર) પ્રવાહને તરી જાય છે તથા કર્મોનો ક્ષય કરી ઉત્તમ ગતિને આપે છે.'

'અવિનીત પુરુષોને વિપત્તિ છે અને સુવિનીત પુરુષોને સૌ રૂડાં વાનાં છે, એમ જે બરાબર જાણે છે, તે જ સુશિક્ષિત થઈ શકે છે.'

'જે શિષ્ય ક્રોધી, મદમત્ત, અપ્રિય વક્તા, માયાવી અને શઠ હોઈ અવિનીત રહે છે, તે પ્રવાહમાં તણાતાં કાષ્ઠની પેઠે સંસારપ્રવાહમાં તણાયા કરે છે.'

'જે શિષ્ય ગર્વ, ક્રોધ, માયા અને પ્રમાદને કારણે ગુરુ સાથે રહીને વિનય શીખતો નથી, તે વાંસનાં ફળની માફક પોતાના જ નાશનું કારણ થાય છે.'

'અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્રો વડે અભિષિક્ત અગ્નિની શુશ્રૂષા કરે છે, તેમ અમિત જ્ઞાની શિષ્યે પણ ગુરુની વિનયપૂર્વક શુશ્રૂષા કરવી.'

## ૧૦–વિનયનું સામાન્ય સ્વરૂપ

વિનયનું સામાન્ય સ્વરૂપ આ પ્રમાણે મનાય છેઃ—

अभ्युत्थानं तदालोकेऽभियानं च तदागमे ।
शिरस्यञ्जलिसंश्लेषः स्वयमासनढौकनम् ॥
आसनाऽभिग्रहो भक्त्या वन्दना पर्युपासनम् ।
तद्यानेऽनुगमश्चेति प्रतिपत्तिरियं गुरोः ॥

— યોગશાસ્ત્ર, પ્રકાશ ૩ જો.

'ગુરુ આવતાં દેખાય કે આસન પરથી એકદમ ઊભા થઈ જવું અને આવે એટલે તેમની સામે જવું. તેમને મસ્તક પર બે હાથની અંજલિ લગાડી પ્રણામ કરવો અને તેમને બેસવા પોતાના જ હાથે ઉપાડીને આસન મૂકવું. પછી ગુરુ આસન પર વિરાજે ત્યારે જ પોતે આસન પર બેસવું. પછી ભક્તિપૂર્વક વંદના કરવી અને ચરણ દબાવવા, આજ્ઞા પૂછવી, હિતશિક્ષા સાંભળવી, ભક્તિ કરવી, વગેરે પર્યુપાસના-સેવા કરવી. તેઓ બહાર જાય ત્યારે થોડે સુધી પાછળ જવું. આ ઉપચારવિનયરૂપ ગુરુની પ્રતિપત્તિ છે.'

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં વિનયને લગતા બીજા પણ કેટલાક નિયમો આપ્યા છે, તે આ પ્રમાણેઃ—

(૧) ગુરુજનોની પીઠ પાસે કે આગળ-પાછળ અડીને બેસવું નહિ.

(૨) એકદમ પાસે બેસી પગ સાથે પગ અડાડવા નહિ.

(૩) શય્યા કે પોતાનાં આસન ઉપર બેસીને જ ઉત્તર આપવો નહિ.

(૪) ગોઠણ છાતી પાસે રાખી હાથ બાંધીને બેસવું નહિ.

(૫) પગ ફેલાવીને પણ બેસવું નહિ.

(૬) ગુરુ બોલાવે ત્યારે બેસી ન રહેતાં વિવેકપૂર્વક પોતાનું આસન છોડીને તેમની પાસે જવું અને તેમને શું કહેવાનું છે, તે સાંભળવું.

(૭) પોતાની શય્યા કે આસન પર બેઠાં બેઠાં ગુરુને પ્રશ્ન પૂછવો નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮) ગુરુની પાસે જઈ, હાથ જોડી, નમ્રતાપૂર્વક બેસી કે ઊભા રહીને પ્રશ્નનું સમાધાન મેળવવું.

(૯) આવી રીતે વિનયથી વર્તનારને ગુરુએ સૂત્ર-વાચન અને અર્થ એ બંને વસ્તુ અધિકાર મુજબ આપવી.

## ૧૧–વંદનવિધિ

મુમુક્ષુ અથવા સાધકે પ્રતિદિન જે છ આવશ્યક ક્રિયાઓ કરવાની છે, તેમાં ત્રીજી ક્રિયા વંદન અર્થાત્ ગુરુ વંદનની છે, એટલે ગુરુને પ્રતિદિન પ્રાતઃ અને સાયંકાળે વિધિસર વંદન કરવું આવશ્યક છે. આ વંદનનું તાત્કાલિક ફળ શ્રુતધર્મની પ્રાપ્તિ છે અને પારંપરિક ફળ ભવસંતતિનો ક્ષય છે. તે અંગે ગુરુવંદનભાષ્યમાં કહ્યું છે કે—

विणयोवयारमाणस्स, भंजणा पूअणा गुरुजणस्स ।
तित्थयराण य आणा, सुअधम्माराहणाकिरिया ॥

'ગુરુને વંદન કરવાથી અનુક્રમે વિનયોપચાર, માનનું ખંડન, ગુરુજનની પૂજા, તીર્થંકરોની આજ્ઞાનું પાલન, શ્રુતધર્મની આરાધના તથા અક્રિયપદ (મુક્તિ) ની પ્રાપ્ત થાય છે.'

અહીં એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે ગુરુ સામા મળે ત્યારે 'मत्थएण वंदामि' કહેવા સાથે માથું નમાવી, હાથ જોડવા-પૂર્વક વંદન કરવું તે ફિટ્ટાવંદન કે જઘન્ય વંદન છે. ગુરુ બેઠા કે ઊભા હોય ત્યારે બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એ પાંચ અંગો ભેગાં કરીને પ્રણિપાત કે ખમાસમણસૂત્ર×

× પ્રણિપાત કે ખમાસમણ સૂત્રનો પાઠ આ પ્રમાણે બોલાય છે:
इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલવાપૂર્વક વંદન કરવું એ સ્તોભવંદન કે મધ્યમ વંદન છે. અને પ્રાતઃકાળ તથા સાયંકાળે ગુરુવંદનનો પાઠ બોલી. ચરણસ્પર્શપૂર્વક જે વિશિષ્ટ વંદન કરવું, એ દ્વાદશાવર્ત વંદન કે ઉત્તમ વંદન છે.

આ વંદનવિધિ પર એક દૃષ્ટિપાત કરવાથી જૈન. ધર્મમાં ગુરુ અને શિષ્યનો કેવો સંબંધ હોય છે, તેનો. સ્પષ્ટ ખ્યાલ આવી જશે.

વિધિપૂર્વક વંદન કરવાની ઇચ્છાવાળો શિષ્ય ગુરુ. બેઠા હોય તે ભણી જાય છે અને થોડે દૂર ઊભો રહીને અવનત મુદ્રાએ કહે છેઃ 'હે ક્ષમાશ્રમણ! હું આપને +યાપનીયા અને નૈષેધિકી વડે વંદન કરવાને ઇચ્છું છું.

ગુરુ—જેવી તારી ઇચ્છા.

શિષ્ય—મને આપના અવગ્રહની અંદર એટલે નજીક-આવવાની આજ્ઞા આપો.

ગુરુ—આજ્ઞા આપું છું.

શિષ્ય—પાપક્રિયા તજીને આપનાં ચરણને હું ઉત્ત-માંગ વડે સ્પર્શું છું. આ સ્પર્શથી આપને કંઇ પણ ખેદ થાય એટલે તકલીફ પડે તો ક્ષમા કરજો. શું ખેદ વિના. અને બહુ શુભ વડે આપનો દિવસ વ્યતિક્રમ્યો? (જો સાયંકાળની વંદના હોય તો દિવસ બોલાય છે અને

---

**मत्थएण वंदामि।** હે ક્ષમાશ્રમણ! હું આપને યાપનિકા તથા નૈષેધિકી વડે વંદન કરવાને ઇચ્છું છું. મસ્તક નમાવી (તેમજ બીજાં ચાર અંગો ભેગા કરી) વંદન કરું છું.

+ (યાપનીયા=યથાશક્તિ મર્યાદા; નૈષેધિકી=પ્રાણાતિપાતાદિ દોષત્યાગ)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાતઃકાળની વંદના હોય તો રાત્રિ બોલાય છે. અહીં દરેક સ્થળે એમ જ સમજવું.)

ગુરુ—એમ જ છે.

શિષ્ય—આપને સંયમયાત્રા વર્તે છે?

ગુરુ—તને પણ વર્તે છે?

શિષ્ય—આપનું શરીર અને મન ઇંદ્રિયો અને કષાયોના ઉપઘાતરહિત છે?

ગુરુ—એમ જ છે.

શિષ્ય—હે ક્ષમાશ્રમણ! દિવસ દરમિયાન આપના પ્રત્યે જે અપરાધ થયા હોય તેની ક્ષમા માગું છું.

ગુરુ—હું પણ ક્ષમા માગું છું.

શિષ્ય—આવશ્યક ક્રિયા માટે હવે હું અવગ્રહની બહાર જાઉં છું. દિવસ દરમિયાન આપ ક્ષમાશ્રમણની તેત્રીશ પૈકી કોઇ પણ આશાતના કરી હોય તેનાથી હું પાછો ફરૂં છું. વળી જે કંઈ અતિચાર (અપરાધ) મિથ્યા ભાવને લીધે થયેલી આશાતના વડે થયો હોય, મન–વચન–કાયાની દુષ્ટ પ્રવૃત્તિથી થયેલી આશાતના વડે થયેલો હોય, ક્રોધ–માન–માયા-લોભની વૃત્તિદ્વારા થયેલી આશાતના વડે થયો હોય કે સર્વ કાલ સંબંધી, સર્વ પ્રકારના મિથ્યા (માયા–કપટ ભર્યા) ઉપચારો દ્વારા, સર્વ પ્રકારના ધર્મનાં અતિક્રમણને લીધે થયેલી આશાતના વડે થયો હોય, તેનાથી હે ક્ષમાશ્રમણ! હું પાછો ફરું છું, તેની હું નિંદા કરું છું અર્થાત્ તેને હું વખોડી કાઢું છું, આપની સમક્ષ તેનો એકરાર કરું છું અને એ અશુભ યોગવાળા મારા આત્માનો ત્યાગ કરું છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચરણને સ્પર્શ કરી લલાટે લગાડવાની ક્રિયાને આવર્ત કહે છે. આવા આવર્ત એક વંદનમાં છ વાર થાય છે, પણ આવું વંદન એક સાથે બે વાર કરવામાં આવે છે, એટલે તેના આવર્તની સંખ્યા દ્વાદશ-બાર થાય છે, તેથી આ વંદનને દ્વાદશાવર્ત વંદન કહેવામાં આવે છે.

## ૧૨-તેત્રીશ આશાતના

આ વંદનવિધિમાં તેત્રીશ આશાતનાનો ઉલ્લેખ આવે છે, તેનો અર્થ પણ સ્પષ્ટતાથી સમજી લઇએ. જે કાર્ય વિનય એટલે શિષ્ટાચારથી વિરુદ્ધ હોય અને ગુરુની કોઇ પણ પ્રકારે અવહેલના કરનારું હોય તેને આશાતના કહેવાય છે. તે આ પ્રમાણે:—

(૧) કારણ વિના ગુરુની આગળ ચાલવું.
(૨) ,, ,, ,, બાજુમાં ચાલવું
(૩) ,, ,, ,, પાછળ તદ્દન નજીક ચાલવું.
(૪) ,, ,, ,, આગળ ઊભા રહેવું.
(૫) ,, ,, ,, બાજુમાં ઊભા રહેવું.
(૬) ,, ,, ,, પાછળ તદ્દન નજીક ઊભા રહેવું.
(૭) ,, ,, ,, આગળ બેસવું.
(૮) ,, ,, ,, બાજુમાં બેસવું.
(૯) ,, ,, ,, પાછળ નજીક બેસવું.
(૧૦) ગુરુની પહેલાં સ્થંડિલ ભૂમિથી× પાછા ફરી આવવું.

× સાધુઓ મલવિસર્જન માટે ગામ બહાર એકાંતમાં નિરવદ્ય જગાએ જાય છે, તેને સ્થંડિલભૂમિ કહે છે. તે વખતે સામાન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૧) ગુરુ વાતચીત કરે તે પહેલાં પોતે વાતચીત કરવી.
(૧૨) બહારથી ગુરુની સાથે આવ્યા છતાં 'ગમણાગમણે' ની આલોચના પહેલી કરવી.
(૧૩) ગોચરી બીજા પાસે આલોચ્યા પછી ગુરુ પાસે આલોચવી.
(૧૪) ગોચરી બીજાને બતાવીને ગુરુને બતાવવી.
(૧૫) ગુરુની રજા વિના મનમાની ગોચરી કોઇને આપી દેવી.
(૧૬) ગુરુને બીજાની પછી નિમંત્રણ દેવું.
(૧૭) ગુરુને જે તે આપી દઈ સારું સારું પોતે લેવું.
(૧૮) ગુરુ રાતમાં જાગવા કે ઊંઘવાનો પ્રશ્ન પૂછે, પણ તેનો ઉત્તર ન દેવો.
(૧૯) રાત્રિ સિવાયના વખતમાં પણ જવાબ ન દેવો.
(૨૦) ગુરુ બોલાવે તો આસન પર બેઠાં બેઠાં કે શયનમાં સૂતાં સૂતાં જવાબ આપવો.
(૨૧) ગુરુ બોલાવે તો 'શું છે?' એમ કહેવું.
(૨૨) ગુરુને તુંકારાથી બોલાવવા.
(૨૩) ગુરુના ઠપકા સામે ગુરુને જ તેવો ઠપકો દેવો. દા. ત. 'તમે ય આળસુ છો' એમ કહી તેમણે ચીંધેલું કામ ન કરવું.
(૨૪) ઘણા ઊંચા અને કર્કશ સ્વરથી વંદન કરવું.
(૨૫) ગુરુ વાતચીત કરતા હોય કે ઉપદેશ આપતા હોય

---

રીતે ગુરુ અને શિષ્ય સાથે જાય છે. તેને ઉદ્દેશીને આ આશાતના કહેલી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે વચ્ચે ડહાપણ ડહોળવું અને 'આ આમ છે, આ તેમ છે' વગેરે બોલવું.

(૨૬) 'તમને પાપ નથી લાગતું? વાત એમ નથી.' વગેરે બોલવું.

(૨૭) ગુરુવાક્યની પ્રશંસા ન કરવી.

(૨૮) ગુરુ ધર્મકથા કહેતા હોય તે વેળા 'હવે મૂકો એ વાત, ભિક્ષા–વેળા થઈ ગઈ છે, સૂત્ર–પૌરુષી વેળા થઈ ગઈ છે, ભોજન વેળા થઈ ગઈ છે' વગેરે બોલવું.

(૨૯) વચ્ચે બોલવું, ગુરુની વાત તોડી નાખવી.

(૩૦) ગુરુની સામે જ સમાન આસને કે ઊંચા આસને બેસવું.

(૩૧) પોતે વિશેષ ધર્મકથા કહેવી.

(૩૨) ગુરુનાં આસનને પગ લગાડવો અથવા ભૂલથી લાગી જાય તો ક્ષમા માગવી નહિ.

(૩૩) ગુરુની શય્યા કે આસન પર બેસવું.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે 'ગુરુની અવહેલના કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું અશક્ય છે. જે ગુરુ આચારવાન છે, ગુણનિષ્ઠ છે, તેમનું અપમાન કરવું, એ અગ્નિની પેઠે પોતાના સદ્‌ગુણોને ભસ્મીભૂત કરવા બરાબર છે.'

તે અંગે વૈદિક સંપ્રદાયમાં પણ નીચેનાં વચનો જોવામાં આવે છેઃ–'ગુરુની આજ્ઞાનો ભંગ કરવો, ગુરુનાં ધનનું હરણ કરવું, ગુરુનું ભૂંડું કરવું કે મનથી પણ ભૂંડું ઇચ્છવું તે ગુરુદ્રોહ છે અને તે કરનારો પાતકી છે.'

'શિષ્યે શ્રીગુરુ આગળ કદી પણ જાતિ, વિદ્યા, ધન



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગેરેનું અભિમાન કરવું નહિ; પરંતુ તેનો ત્યાગ કરીને સર્વદા તેમની સેવા કરવી.'

'વિનીત શિષ્ય કામ–ક્રોધનો પરિત્યાગ કરીને ગુરુની સ્તુતિ-ભક્તિ કરતો થકો પૃથ્વી ઉપર ગુરુથી નીચાં આસને બેસે અને ગુરુએ બતાવેલું કાર્ય કરે.

'ગુરુએ કહેલી વાત હિતકર કે અહિતકર લાગે તો પણ તેને આદરપૂર્વક સાંભળી લેવી જોઈએ. જે શિષ્ય ગુરુની વાત અનાદરથી સાંભળે છે, તે રૌરવ નરકમાં જાય છે.'

'ગાય તથા બ્રાહ્મણને મારનારને જે પાપ લાગે છે, તે ગુરુની આગળ ખોટું બોલવાથી લાગે છે, માટે ગુરુની આગળ કદી પણ ખોટું બોલવું નહિ.'

આપસ્તમ્બીય ધર્મસૂત્રમાં કહ્યું છે કે 'ગુરુની આજ્ઞા થયા પછી સૂવું, તેમના તરફ પગ ન ફેલાવવા, તેમની સાથે સૂતાં સૂતાં બોલવું નહિ, ગુરુને જે કંઈ કહેવું હોય તે કહી રહ્યા પછી બેસીને પ્રત્યુત્તર દેવો, ગુરુ ઊભા હોય ત્યારે ઊભા રહેવું, જતા હોય ત્યારે પાછળ જવું અને દોડતા હોય ત્યારે પાછળ દોડવું. આત્મપ્રશંસા છોડીને અને અવિક્ષિપ્ત મનવાળા થઈને દેવની માફક આચાર્યની ઉપાસના કરવી.'

આના પરથી સમજી શકાશે કે ગુરુ પ્રત્યે શિષ્યે કેવું વર્તન રાખવું જોઈએ.

'વિનય વિના વિદ્યા નહિ,' એ જૈન મહર્ષિઓની સ્પષ્ટ ઘોષણા છે. તે અંગે જૈન શાસ્ત્રોમાં રાજા શ્રેણિક અને માતંગનું ઉદાહરણ અપાય છે, તે પાઠકોએ જાણવા જેવું છે.

## રાજા શ્રેણિકનું ઉદાહરણ

મગધ દેશની મહારાણી તરીકે પંકાયેલી રાજગૃહી નગરીમાં અઢારે વર્ણના લોકો રહેતા હતા, તેમાં એક વિદ્યાસિદ્ધ માતંગ પણ રહેતો હતો. તેની સ્ત્રીને એક વાર કેરી ખાવાનું મન થયું, એટલે તેણે પતિને વિનંતિ કરી કે 'હે સ્વામિનાથ! મને કેરી ખાવાનું ઘણું મન છે, માટે ગમે ત્યાંથી સુંદર કેરી લાવી આપો.' માતંગે કહ્યું કે 'અત્યારે કેરીની ઋતુ ચાલતી નથી, એટલે કેરી કયાંથી લાવી આપું?' ત્યારે સ્ત્રીએ કહ્યું કે 'આપણા નગરમાં રાણી ચેલ્લણાનો બગીચો છે, તેમાં છયે ઋતુનાં ફળો પાકે છે, એટલે કેરી ત્યાંથી મળી શકશે.

આ તો સ્ત્રીહઠ એટલે કામ કર્યા વિના છૂટકો નહિ, તેથી માતંગ રાત્રિના સમયે તે બગીચા પાસે ગયો. ત્યાં પાકેલી કેરીવાળું એક સુંદર આમ્રવૃક્ષ તેના જોવામાં આવ્યું, પરંતુ તે ઘણું ઊંચું હતું, તેથી માતંગે અવનામિની વિદ્યાનો પ્રયોગ કરીને તેની ડાળીઓ નીચી નમાવી દીધી અને તેના પર જે કેરીઓ પાકી હતી, તે તોડી લીધી.

સવારે બગીચામાં ફરવા આવતાં રાણી ચેલણાએ પેલાં આમ્રવૃક્ષ ઉપર કેરીઓ જોઈ નહિ, એટલે રાજા શ્રેણિકને વાત કરી અને રાજા શ્રેણિકે મંત્રીશ્વર અભયકુમારને બોલાવીને કહ્યું કે 'આપણા બગીચામાં રાત્રે કોઈક ચોર આવેલો છે અને તેણે ઊંચા આમ્રવૃક્ષ ઉપરથી કેરીઓ તોડી લીધેલી છે; પરંતુ તે એટલો બધો હોશિ-

ચાર છે કે તેનું એક પણ પગલું પડવા દીધું નથી. આવો ચોર કોઈ વાર અંતઃપુરમાં પણ પ્રવેશ કરી શકે, માટે તેને શોધીને મારી આગળ હાજર કરો.’

રાજાની આજ્ઞા મંત્રીઓને શિરોધાર્ય હોય છે, એટલે મંત્રીશ્વર અભયકુમાર એ ચોરને શોધવાનાં કામમાં લાગી ગયા. એમ કરતાં તેઓ નગરના ચોકમાં આવ્યા કે જ્યાં નગરલોકો તરફથી નાટક થતું હતું. હજી નાટક શરુ થવાને થોડીવાર હતી, એટલે તેમણે વાત માંડી કે—

‘વસંતપુર નામે એક મોટું નગર હતું. તેમાં જીર્ણ શેઠ નામે એક મોટો શેઠ હતો. તેને એક રૂપ–લાવણ્યવતી કન્યા હતી. આ કન્યા ઉમર લાયક થઈ હતી, એટલે ઇચ્છિત વર મેળવવા માટે રોજ કામદેવની પૂજા કરવા જતી હતી. આ પૂજા માટે જે પુષ્પોની જરૂર પડે તે રસ્તામાં આવતા એક બગીચામાંથી ચુપચૂપ તોડી લેતી હતી. હવે એક વખત બગીચાના માળીએ તેને ફૂલ તોડતાં જોઈ લીધી, એટલે તેને પકડી અને તેના અપ્રતિમ સૌંદર્યનો ઉપભોગ કરવાની માગણી કરી. આથી તે બાળાએ કહ્યું કે ‘હે માળી! હજી હું કૌમારવ્રતમાં છું, તેથી પુરુષના સ્પર્શને યોગ્ય નથી. એટલે તું મને અડકીશ નહિ.’ તે સાંભળીને માળીએ કહ્યું કે ‘તું મને વચન આપ કે પરણીને પહેલી રાત્રે મારી પાસે આવીશ, તો હું તને જવા દઉં.’ એટલે કન્યાએ વચન આપ્યું અને તે માળીના પંજામાંથી મુક્ત થઈ.

હવે કેટલાક સમય પછી તે બાળાનાં એક ઉત્તમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પતિ સાથે લગ્ન થયાં અને રાત્રે તે વાસગૃહમાં ગઈ, ત્યારે તેણે પતિને કહ્યું કે 'હે આર્યપુત્ર! કોઈ કારણને લીધે મારે એક માળીને એવું વચન આપવું પડ્યું છે કે પરણીને પહેલી રાત્રે તારી પાસે આવીશ, માટે એ વચન પૂર્ણ કરવા મને તેની પાસે જવાની આજ્ઞા આપો. પછી હું સદૈવ તમારે જ આધીન છું.' પતિએ તેને સત્યવાદિની માની જવાની રજા આપી.

હવે આ બાળા સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થઈને માળીને મળવા ચાલી. ત્યાં રસ્તામાં કેટલાક ચોરો મળ્યા. તેમણે રસ્તો આંતર્યો અને બધાં ઘરેણાં ઉતારી દેવાની આજ્ઞા કરી. તે વખતે આ બાળાએ માળીની વાત કહી સંભળાવી અને વધારામાં જણાવ્યું કે 'જ્યારે હું પાછી ફરું ત્યારે ખુશીથી તમને મારાં આભૂષણો ઉતારી આપીશ!' આ વાતથી ચોરોને વિશ્વાસ બેઠો, એટલે તેમણે તે કન્યાને એમ ને એમ જવા દીધી.

આગળ જતાં કેટલાક દિવસનો ભૂખ્યો એક રાક્ષસ મળ્યો. તે આવાં સુંદર ખાજને જતું કેમ કરે? એટલે આગળ ધસી આવ્યો ને પકડવાની તૈયારી કરી, ત્યાં બાળાએ કહ્યું કે 'જરા શાંતિ રાખો.' એટલે રાક્ષસ ઊભો રહ્યો અને બાળાએ માળીવાળી વાત કહી. પછી તેને વિનંતિ કરી કે 'મને મારું વચન પૂર્ણ કરી લેવા દો, બાદ તમારે મારું ભક્ષણ કરવું હોય તો ખુશીથી કરજો.' રાક્ષસને પણ બાળાની વાત પર વિશ્વાસ બેઠો, એટલે તેને જવા દીધી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે તે બાળા પેલા બગીચામાં પહોંચી અને માળીને જગાડ્યો તથા કહ્યું કે 'તેં મને કેટલાક વખત પહેલાં ફૂલ તોડતાં પકડી હતી, ત્યારે મેં તને વચન આપ્યું હતું કે 'પરણીને પહેલી રાત્રે તારી પાસે આવીશ.' એ વચન પૂર્ણ કરવા હું તારી પાસે આવી છું.'

બાળાનાં આવાં વચનો સાંભળી માળીને તેના માટે ભારે માન પેદા થયું અને તેણે પ્રણામ કરીને કહ્યું કે 'તું મારી માતા છે! તને હું વચનમુક્ત કરું છું.' એટલે તે બાળા તરત જ પાછી ફરી. રસ્તામાં રાક્ષસ મળ્યો, તેને બનેલી બધી કહી સંભળાવી. આથી રાક્ષસને લાગ્યું કે 'મારે ખાવાની વસ્તુ કયાં ઓછી છે કે આવી એક પ્રતિજ્ઞા-પાલક સત્ય ટેકવાળી કન્યાને ખાઉં ?' એટલે તેણે પણ આ બાળાને વચનમુક્ત કરી. પછી ચોરો આવ્યા, તેમણે પણ બધી વાત સાંભળીને તેને જતી કરી. આ રીતે તે કન્યા બધાનાં વચનો પૂર્ણ કરીને પતિ પાસે આવી અને જે હકીકત બની હતી, તે કહી સંભળાવી. આથી તે ઘણો પ્રસન્ન થયો અને તેને પોતાનાં હૃદયની રાણી બનાવી. હવે હે નગરલોકો! તમે કહો કે આમાં સહુથી ભારે કામ કોણે કર્યું ?'

તે વખતે સ્ત્રીના ઇર્ષ્યાળુ લોકોએ કહ્યું કે 'આમાં સહુથી ભારે કામ તો તેના પતિએ જ કર્યું કે જેણે આ રીતે પોતાની નવોઢા પત્નીને બીજે જવાની રજા આપી.' જેઓ ક્ષુધાતુર હતા, તેમણે કહ્યું કે 'સર્વમાં ભારે કામ તો રાક્ષસે કર્યું કે જે અત્યંત ભૂખ્યો હોવા છતાં તેણે

હાથમાં આવેલું ખાજ જવા દીધું.' જે લોકો જારકર્મ કરનારા હતા, તેમણે કહ્યું કે 'અમને તો સર્વમાં દુષ્કર કામ કરનારો માળી લાગે છે કે જેણે પોતાની સમીપ આવેલી સુંદર વસ્ત્રાભૂષણ સજ્જ એક રૂપવતી રમણીને ભોગવી નહિ.' છેવટે પેલો ચાંડાલ ત્યાં હાજર હતો, તે બોલ્યો કે 'સર્વથી દુષ્કર કાર્ય કરનારા તો ચોર લોકો જ ગણાય કે જેણે હાથમાં આવેલો હજારો રૂપિયાનો માલ જતો કર્યો.' એટલે અભયકુમારે તેને પકડયો અને બાજુએ લઈ જઈને પૂછ્યું કે 'સાચું બોલ, તેં રાજાના બગીચાની કેરીઓ કેવી રીતે ચોરી?' માતંગ મંત્રીશ્વરના હાથમાં બરાબર સપડાઇ ગયો હતો, એટલે તેણે સત્ય હકીકત રજૂ કરી દીધી અને મંત્રીશ્વરે તેને રાજાની આગળ રજૂ કર્યો, પણ સાથે જ જણાવ્યું કે 'એની પાસેથી પહેલી વિદ્યા મેળવી લેજો ને પછી જે કરવું હોય તે કરજો.'

રાજા શ્રેણિકને આ સૂચના પસંદ પડી, એટલે તેણે માતંગ પાસેથી વિદ્યા શીખવાનું શરુ કર્યું, પરંતુ ઘણા દિવસ થવા છતાં વિદ્યા પ્રાપ્ત ન થઈ, ત્યારે તેમણે પેલા માતંગનો તિરસ્કાર કરતાં કહ્યું કે 'જરૂર, તારા પેટમાં કંઈક પાપ છે, નહિ તો વિદ્યા મને કેમ આવડે નહિ?' તે વખતે મંત્રીશ્વર અભયકુમારે આગળ આવીને કહ્યું કે 'હે સ્વામી! અત્યારે આ માતંગ આપનો વિદ્યાગુરુ છે, માટે તમારે એનો યોગ્ય વિનય કરવો જોઈએ. એ વિનય કરશો, એટલે વિદ્યા જરૂર આવડશે.' આ વચનોથી પ્રભાવિત થઈને શ્રેણિક રાજાએ માતંગને ઊંચા સિંહાસન પર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેસાડચો અને પોતે નીચા બેઠા. એ રીતે વિદ્યા શિખતાં થોડા જ વખતમાં તે આવડી ગઈ.

હવે આ વિદ્યાસિદ્ધ માતંગ પોતાનો વિદ્યાગુરુ ઠર્યો, એટલે રાજા શ્રેણિકે તેને કંઈ પણ શિક્ષા ન કરતાં છોડી મૂકચો. તાત્પર્ય કે ગુરુનો યોગ્ય વિનય કરવાથી જ વિદ્યાની પ્રાપ્તિ થાય છે.

## ૧૩–વૈયાવૃત્ય

ગુરુનો જેમ વિનય કરવો જોઈએ, તેમ ગુરુનું વૈયાવૃત્ય પણ કરવું જોઈએ. આ વૈયાવૃત્ય શું છે? તે આપણે બરાબર સમજી લઈએ.

ગુરુને આહાર, પાણી, વસ્ત્ર, ઉપધિ, ઔષધ આદિ જે જે વસ્તુની જરૂર હોય તે શિષ્યે વિધિપૂર્વક મેળવી આપવી તેને વૈયાવૃત્ય કહેવામાં આવે છે. વળી ગુરુ અશક્ત કે બિમાર હોય તો તેમની હર પ્રકારે શુશ્રૂષા કરવી એને પણ વૈયાવૃત્ય કહેવામાં આવે છે. આ પ્રકારનું વૈયાવૃત્ય કરતાં અભ્યંતર તપ થાય છે અને પરિણામે કર્મક્ષય થતાં પરમપદ પામી શકાય છે.

## ૧૪–બહુમાન

ગુરુ પ્રત્યે પૂર્ણ સદ્‌ભાવ, પૂર્ણ પ્રીતિ કે પૂર્ણ આદર રાખવો તેને બહુમાન કહેવામાં આવે છે. જો કોઈ શિષ્ય ગુરુનો વિનય કરે અને તેમનું વૈયાવૃત્ય પણ કરે, પરંતુ તેમના પ્રત્યે બહુમાન ન રાખે તો તેની સેવા અધૂરી જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણાય. અને આવી અધૂરી સેવાને પરિણામે તે ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે નહિ.

## ૧૫–અનિહ્નવતા

ગુરુનું નામ છુપાવવું કે તેમનો વિદ્યાદાતા તરીકે ઇનકાર કરવો એ નિહ્નવતા કહેવાય છે. તેને જૈન ધર્મે ભારે દોષ માન્યો છે, એટલે કે તેનું સેવન કરનારો અનંત સંસારી થાય છે, એમ જણાવ્યું છે. એટલે ગુરુ સામાન્ય હોય કે કોઈ હલકા કુળમાંથી આવેલા હોય તો પણ તેમનું નામ છુપાવવું નહિ.

જૈન ધર્મમાં શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે જે નિયમોનું વિધાન કરવામાં આવ્યું છે, તેમાં વિનય, બહુમાન અને અનિહ્નવતા એ ત્રણે ગુણોની ખાસ આવશ્યક્તા દર્શાવી છે, એટલે શિષ્યમાં આ ગુણ પણ અવશ્ય હોવો જોઈએ.

તે અંગે વૈદિક સંપ્રદાયમાં કહ્યું છે કે—

**एकाक्षरप्रदातारं, यो गुरुर्नाभिमन्यते ।**
**स श्वयोनिशतं गत्वा, चाण्डालेष्वपि जायते ॥**

'જે એક પણ અક્ષરનું જ્ઞાન આપનારને ગુરુ માનતો નથી, તે સો વાર કૂતરાનો અવતાર લઈ પાછો ચાંડાલને ત્યાં જન્મે છે.'

## ૧૬–ગૃહસ્થોનું કર્તવ્ય

ગુરુને પ્રતિદિન વંદન કરવું, તેમને સુખશાતા પૂછવી, બીજી પણ જે વસ્તુની જરૂર હોય તે મેળવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપવી અને તેમનો ઉપદેશ સાંભળવો એ ગૃહસ્થનું મુખ્ય કર્તવ્ય છે. ગૃહસ્થોને–શ્રાવકોને શ્રમણોપાસક કહેવામાં આવ્યા છે, તેનો અર્થ જ એ છે કે ગૃહસ્થોએ ત્યાગી ગુરુની બને તેટલી ઉપાસના–આરાધના–ભક્તિ–સેવા કરવી.

શ્રમણોપાસકનાં બાર વ્રતોમાં સામાયિક અને પૌષધ નામનાં શિક્ષાવ્રતો યોજાયેલાં છે, તેનો અર્થ એ છે કે ગૃહસ્થે પોતાથી બને તેટલો સમય કાઢી સદ્ગુરુનાં ચરણો સેવવાં અને તેઓ ધર્મ સંબંધી જે કંઈ જ્ઞાન આપે તે મેળવવું.

ગુરુના અભ્યાસ કે પદવી આદિ નિમિત્તે પોતાના ધનનો સદુપયોગ કરવો એ પણ ગૃહસ્થનું કર્તવ્ય છે અને તેમના ઉપદેશ અનુસાર ધાર્મિક કાર્યોમાં ધન વાપરવું એ પણ ગૃહસ્થનું કર્તવ્ય છે.

જેઓ સદ્ગુરુસેવાનો આ મર્મ પિછાણી સદ્ગુરુનાં ચરણ આરાધશે તે ભવભ્રમણમાંથી મુક્ત થઈ અવશ્ય મુક્તિરમાનાં ક્રીડાંગણમાં પ્રવેશ કરી શકશે.

इति शम् ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust